# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સ્વર્ગારોહણના ટકોરા | તંત્રી | ૩ |
| ઋતંભરા પ્રજ્ઞા | શ્રી યોગેશ્વરજી | ૫ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| સાધના પર્વ ને છાશની હાશ | તંત્રી | ૧૧ |
| મનની ખટપટ કેવી રીતે મટે? | સ્વામી રામસુખદાસજી | ૧૮ |
| દુઃખોનું પોટલું | ડૉ. આઇ. કે. વિજળીવાળા | ૨૩ |
| સાધનાની દૃષ્ટિએ કાર્યો કેવી રીતે કરવાં? | જ્યોતિબેન થાનકી | ૨૯ |
| ભક્તિ અને સ્ત્રીઓ | પૂ.દયાનંદતીર્થ(દાસાનુદાસ) | ૩૯ |
| જૈન સાધુઓ વિષે આટલું જાણો | પૂ. હેમચંદ્રસૂરિ મહારાજ | ૪૪ |
| ચરણ ચિહ્નનું શરણ, ભગવાન ઇચ્છે તેને મથો | સ્વામી રામસુખદાસજી | ૪૬ |
| સર્વોત્તમ સંપત્તિ પામવાનો સરસ માર્ગ | મણિલાલ નથુભાઇ દોશી | ૪૮ |
| પૂ.રણછોડદાસજીના પ્રેરક પ્રસંગ | સંકલન–પરમાર્થી, દમયંતી સેજપાલ | ૫૩ |
| સ્વર્ગારોહણમાં વિકલાંગો માટે —જયપુર ફૂટ કેમ્પ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૫૬ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સ્વર્ગારોહણના ટકોરા

—તંત્રી

### હે સાધક જાગી જા, જીવનનો એક અમૂલ્ય કલાક વહી ગયો, ઓછો થઈ ગયો.

આપણે શંકરના મંદિરમાં પ્રવેશ કરીએ કે તુરત જ લટકાવેલા ઘંટ ઉપર આપણી નજર જાય છે ને આપણે ઘંટ વગાડી પ્રભુના દ્વારે હાજરી પૂરાવીએ છીએ. આધુનિક યુગમાં ઘરના પ્રવેશ પહેલાં ડોર–બેલ વગાડવાની પ્રેરણા ઉપરની પરંપરામાંથી આવી હોય એમ સંભવિત છે.

અંબાજી ખાતેના સ્વર્ગારોહણ તીર્થમાં પણ દર કલાકે ઘડિયાળમાં ટકોરા પડે છે ને તુરત જ કોમ્પ્યુટરમાં ફીડ કરેલ પ્રોગ્રામ મુજબ ત્રણ ટકોરા સાથે ***ૐ યોગેશ્વર નમઃ*** મંત્રનો મધુર મંજીરા સાથે પૂ.મા સર્વેશ્વરીના સુરીલા કંઠે ગવાયેલ ધ્વનિ સંભળાય છે. ત્યારે સારુંય સ્વર્ગારોહણ પ્રવૃત્તિમાંથી એકદમ નિવૃત્તિમાં ફેરવાય જાય છે. સાધકો કોઈપણ પ્રવૃત્તિ કરતા હોય તો અટકી જાય છે. દૂધ પીતા હોય, ખાતા હોય, પ્રવચન કરતા હોય, વાંચતા હોય કે પ્રદક્ષિણા કરતા હોય એકદમ સ્તબ્ધ થઈ ઊભા રહી જાય છે.

આ ટકોરા પાછળનો ભૌતિક આશય તો સમયની જાણ કરવાનો તો છેજ. પણ સાથે સાથે પૂ.માનો સાંકેતિક આશય એ પણ છે કે હે સાધક, તું જાગી જા, જીવનનો એક અમૂલ્ય કલાક વહી ગયો. ઓછો થઈ ગયો. હવે આયુષ્યના જે બાકીના કલાકો છે તેનો સદુપયોગ કરી જીવન સાર્થક કરી લે.



ઘરે જાય ત્યારે સમયના સદુપયોગની આ જાગૃતિ સાથે જા, જેથી તારું ને તારા પરિવારનું જીવન સફળ બની જાય.

આપણે પણ આપણા ઘરમાં આલબેલ પોકારતા આવા ટકોરાનું આયોજન કરી દઈએ તો–સ્વર્ગારોહણ આવ્યું સાર્થક બની જાય. ખરું કે નહીં?

કોઈને ગાળ ભાંડવી નહિ, કોઈનું અપમાન કરવું નહિ, મિત્રનો દ્રોહ કરવો નહિ, નીચની સેવા કરવી નહિ, અભિમાની થવું નહિ, હીન આચરણ કરવું નહિ અને કઠોર તથા દોષભરી વાણી બોલવી નહિ—આ લોકમાં કઠોર વાણી મનુષ્યોના મર્મસ્થાનોને, હાડકાંને, હૃદયને અને પ્રાણને સુદ્ધાં બાળી મૂકે છે, માટે ધર્મપ્રિય પુરુષે ઉદ્ધત અને કઠોર વાણીનો નિત્ય ત્યાગ જ કરવો.

—વિદુર નીતિ

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# ઋતંભરા પ્રજ્ઞા-૧

શ્રી યોગેશ્વરજી

બીજા ઉપાયો કે ભોગોથી જીવનને કામચલાઉ વખતને માટે કદાચ સુખશાંતિ ને આનંદવાળું બનાવી શકાય, પરંતુ પૂર્ણ, મુક્ત, તદ્દન નિર્ભય તથા પ્રભુમય ના બનાવી શકાય અથવા પરમાત્માના પ્રેમપ્રકાશથી પ્રકાશિત ના કરી શકાય. તેના વિના કોઈને સંપૂર્ણ શાંતિ, સુખ ને આનંદ પણ ના મળી શકે. માટે જ જીવનને શુદ્ધ, સંયમી ને પ્રભુમય બનાવવાની જરૂર છે. તે માટે જ સાધના છે. જીવનને ઉજ્જવળ કરવાની ઈચ્છાવાળો કોઈ યે વિવેકી માનવ તેના તરફ દુર્લક્ષ ના કરી શકે કે ઉદાસીન પણ ના રહી શકે. સાધનાનો રસ તેણે જગાવવો જ રહ્યો. સાધનાના અનુરાગી અથવા પ્રેમી પુરુષો જેમ વધારે ને વધારે પ્રમાણમાં પેદા થશે ને વધતા જશે તેમ તેમ સંસારનું સ્વરૂપ વધારે ને વધારે બદલાતું જશે ને સાત્વિક બનશે. સાધનાની જેમને રુચિ છે તે સંસારની સાચી ને મોટી સેવા કરી રહ્યા છે. તેમણે રસપૂર્વક પોતાની બધી જ શક્તિ કામે લગાડીને, નિરંતર સાધના કરવાની છે. કોઈ કારણે કોઈ નાના મોટા વચગાળાનાં સ્ટેશને અટકી જવાય નહિ તે માટે તેમણે સાવધાન રહેવાનું છે. પોતાની જાતના સ્વામી બનીને બધી રીતે કૃતાર્થ થવા તેમણે તૈયાર થવાનું છે.

સાધનાની મદદથી મન નિર્મળ થતાં આંતરિક સુખ-શાંતિ ને પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે એ વાત આપણે આગળ પર કરી લીધી છે. એના અનુસંધાનમાં યાદ રાખવા જેવી એક બીજી વાત પણ કરી લઈએ. તેનું મહત્ત્વ ઘણું છે. મન નિર્મળ થાય એટલે યોગીની બુદ્ધિ પણ નિર્મળ થાય છે. તેને સદ્‌બુદ્ધિ અથવા સૂક્ષ્મ વિવેકશક્તિની પ્રાપ્તિ થાય છે. સાધનાની મદદથી તેનું મન જેમ



જેમ નિર્મળ બનતું જાય છે ને તેની વૃત્તિ વધારે ને વધારે અંતર્મુખ થાય છે. તેમ તેમ પરમાત્માના પરમ પ્રકાશની તે વધારે ને વધારે નજીક આવતો જાય છે. તે પ્રકાશ તેની મુખાકૃતિ, વાણી, આંખ, વિચારધારા તથા બુદ્ધિમાં જોવા મળે છે. તેનાં અંગમાં ને રોમેરોમમાં તેની ઝાંખી કરી શકાય છે. એ પ્રકાશને લીધે તેની બુદ્ધિ ઋતંભરા બની જાય છે. અથવા એમ કહો કે તેને ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. ઋતંભરા એટલે સત્યપરાયણ વસ્તુના સાચા સ્વરૂપને ગ્રહણ કરનારી.

એ ઋતંભરા પ્રજ્ઞા કાળે કરીને ને આપોઆપ પોતાની અંદરથી જ પ્રાપ્ત થાય છે. શંકરનું ત્રીજું નેત્ર તે જ છે. તેને દિવ્યચક્ષુ પણ કહી શકાય, તે ભોમિયાનું કામ કરે છે. ને સાધકને સહીસલામત રીતે આગળ વધારે છે. તેથી સાધક સત્યાસત્યની સાચી સમજ મેળવીને આગળ વધે છે ને છેવટે સ્વરૂપનો સાક્ષાત્કાર કરી અથવા તો પરમાત્માને પામી લે છે. મન તેની મદદથી છેક મંગલ તેમ જ નિર્વાસનિક બની જાય છે. હવે તેને વાસના કે વિકાર વિકૃતિના વિચાર નથી સતાવતા. હવે તે બધી રીતે નિર્ભય બની જાય છે. ઋતંભરા પ્રજ્ઞા તેની દિન—રાત ચોકી કરે છે. તે તેનું પતન થવા દેતી નથી ને તેને ખોટે માર્ગે પણ નથી જવા દેતી. ભય, પ્રલોભન, પ્રમાદ, અહંતા, મમતા, આસક્તિ ને સિદ્ધિઓની સામે તે જ તેનું રક્ષણ કરે છે. સંસારના વિરોધી કે પ્રતિકૂળ વાતાવરણમાં પણ તે જ શક્તિ આપે છે, વિકાસની રસવૃત્તિને જાગ્રત રાખે છે, ને સફળતાપૂર્વક સામનો કરવાનું બળ પૂરું પાડે છે.

ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ ના થઈ હોય ત્યાં સુધી સાધકે ખૂબ ખૂબ સાવધ રહેવું પડે છે ને એકાંત કે શાંત અનુકૂળ વાતાવરણમાં રહીને સાધના કરવી પડે છે. વિવેકની જ્યોતિ તે દરમ્યાન અત્યંત

મંદ હોય છે ને જતન કરીને જાળવવી પડે છે. પ્રતિકૂળતાના પવનથી તે જ્યોતિને શાંત પડી જતાં વાર નથી લાગતી. વળી એકાંતમાં રહેવાનું મળે તો પણ ત્યાં રહીને સાધનાપરાયણ જીવન જીવવાનું મુશ્કેલ થઈ પડે છે. એટલા માટે જ એકાંતમાં રહેનારા સાધકો શરૂઆતમાં ઉત્સાહી, શક્તિશાળી ને ભારે નિર્મળ બની જાય છે. તેમનું જીવન નીરસ, જડ, સ્થિતિસ્થાપક કે યાંત્રિક, ભારરૂપ ને કંટાળાજનક થઈ જાય છે. પરંતુ ઋતંભરા પ્રજ્ઞા પ્રગટ થયા પછી તેવું નથી બનતું. પછી તો ઉત્સાહ અથવા આનંદરૂપી અર્ણવના હજારો, લાખો કે કરોડો તરંગો અંતરમાં ઉછળવા માંડે છે ને જીવન અવનવા રસથી રંગાઈ જાય છે. ક્ષણે ક્ષણે ને પળે પળે જીવનમાં નવી ચેતના, સ્ફુરણા ને નવી સુંદરતા તથા દીપ્તિની ઝાંખી થાય છે. શાંતિ ને પ્રસન્નતાના ફુવારા પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી ઉડ્યા કરે છે. જીવનમાં ધન્યતાના કોઈ મંગલ મહોત્સવનો આરંભ થાય છે. સત્યરૂપી પ્રકાશની પવિત્ર જ્યોતિ તેના તન,મન ને અંતરને પ્રકાશિત કરતી સદા પ્રકાશ્યા કરે છે.

એવી પ્રજ્ઞા આજે અત્યંત આવશ્યક છે. જીવનને નમ્ર ને નિર્મળ કરવા ને સન્માર્ગે દોરવા ને સંસારને સત્યતા તથા સુખ, શાંતિ સેવા ને સ્વતંત્રતાની હવાથી ભરી દઈને સ્વર્ગીય કરવા તે ખૂબ જ જરૂરી છે. સાધકને તો તેની જરૂર છે જ, પરંતુ સામાન્ય માણસને અને જેમના હાથમાં સમાજની ગતિવિધિના સૂત્રો છે, સૌને માટે એટલી જ આવશ્યક છે. એ પ્રજ્ઞાને કેળવવાથી જ સંસારમાં ન્યાય, નીતિ, સમભાવ, સહકાર ને શાંતિની સ્થાપના થઈ શકશે. માનવસમાજ સૌના હિત માટે શ્વાસ લેશે ને યુદ્ધ, ઘર્ષણ, કટુતા, કુસંપ, શોષણ, અન્યાય, અત્યાચાર ને અશાંતિના ઓળા કાયમને માટે દૂર થશે.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૬ એપ્રિલ—૨૦૧૪ અંક ૭**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—ગાંધી નિવાસ સોસાયટી, મસૂરી**

**તા.૦૯/૦૬/૮૨ બુધવાર**

આજે રાતે પૂ.શ્રીને વિશેષ મળ થયા, જેથી અશક્તિ ઘણી હતી. છતાં સવારે એકાદ દોહો ને ચોપાઈનું લેખનકાર્ય તો કર્યું.

થોડો આરામ જપ કરતાં કરતાં કર્યો. બપોરે મુલાકાતમાં રાજકીય પક્ષોના ત્રણ નેતાઓ પૂ.શ્રીને મળવા આવ્યા. જેથી રાજકારણની ભારતની સ્થિતિ, પરદેશની સારી બાબતોની ચર્ચા કરી.

આજે ભોજનમાં પૂ.શ્રીએ ફક્ત દૂધ લીધું.

આરામ કર્યો. દવાઓ લીધી. જાયફળ ને ખાંડ, બીજી દવાઓ લીધી.

સાંજે ફરી મુલાકાતના સમયે પૂ.શ્રીએ બેનો પાસે ભજનો ગવડાવ્યાં. પોતાની ઉંમર વિશેના પ્રશ્નમાં પૂ.શ્રીએ સૌને પોતાની આગવી રીતથી ૨॥ વર્ષનો છું એમ કહી સમજ આપી, હસાવ્યા.

અંતે ગુરુબાવની બોલવાની સૌને સૂચના મળી. ગુરુબાવની બાદ સૌ વિદાય થયાં, પછી આજે થોડી ખીચડી બનાવી, તે લીધા બાદ આરામ.

**૧૦/૬/૮૨ ગુરુવાર**

પૂ.શ્રીનો વિચાર મસૂરીથી દિલ્હી થઇ, દિલ્હીથી અમદાવાદ પ્લેનમાં જવાનો છે. પરંતુ નાની સરખી સામાન્ય વાતોમાં પણ પૂ.શ્રી પ્રભુની ઇચ્છા પ્રમાણે જ ચાલવાનો આગ્રહ રાખે છે.

આજે પરમ શક્તિને પૂછતાં દહેરાદૂન એક્સપ્રેસમાં વડોદરા જવાનું છે, એવી સૂચના મળી.

પૂ.શ્રીએ તે મુજબ તા.૨૪નું રીઝર્વેશન પણ કરાવી લીધું.

સાથે આવનાર યાત્રીઓ પૈકી ગઇકાલે ચાર ભાઇબેનોએ વિદાય લીધી હતી. બે યાત્રી તા.૧૯મીએ જશે અને બાકીના પાંચ યાત્રી તા.૨૪મીએ જશે.

પૂ.શ્રી રેલ્વેમાં ૧૯૭૯ પછી પ્રથમ વાર યાત્રા કરશે. હાર્ટ એટેક પછી પૂ.શ્રીએ ઘણુંખરું ઘરની ગાડીમાં જ મુસાફરીઓ કરી છે.

સવારે ૧૨ વાગ્યે સરસ્વતી શિશુમંદિરની કમિટિના સભ્યો પૂ.શ્રી સાથે શાળા અંગેની વાતો કરે છે. પૂ.શ્રીની સલાહ લે છે.

સર્વેશ્વરી થોડું બહાર ફરવા જાય છે. પૂ.શ્રીએ ફરવા જવાનું બંધ કર્યું છે. મસૂરીમાં પૂ.શ્રી વરસો સુધી ફરવાનો નિયમ રાખતા. માતાજીની લકવાની માંદગી સમયે ગયા વખતે પણ પૂ.શ્રી ફરવા જતા ન હતા. હવે પૂ.માતાજીનો સ્વર્ગવાસ થયો. જેથી કોઇ ઇચ્છા જ થતી નથી, એમ પૂ.શ્રી કહે છે.

સવારે પૂ.શ્રી લેખનકાર્ય નિયમિત કરે છે.

આજે બપોરે ભોજનમાં પૂ.શ્રી ખીચડી, શાક ને દહીં લે છે.



આજે મુલાકાતના સમય પછી ભોજન બાદ પૂ.શ્રી પોતાની આગવી રીતથી સૌને મસૂરીના વિવિધ લોકોની વાતો કરી હસાવે છે.

થોડો આરામ જપ કરતાં કરતાં ફરી સાંજે થોડું લેખનકાર્ય કરે છે.

સાંજે સત્સંગમાં ભજન ગવડાવી દૂધ વગેરે લઇ આરામ.

**તા.૧૧,૧૨/૬/૮૨ શુક્રવાર, શનિવાર**

તા. ૧૧મીથી પ્રવચન શરૂ થયાં. નીચેના ભાગમાં જ એક હોલ છે, જેમાં નીચે બેસવાની અને ખુરશી ઉપર બેસવાની પણ સગવડ છે.

હોલમાં પૂ.શ્રીની ને ગાંધીજીની તસ્વીર છે. વળી સરસ્વતીદેવીનું મોટું ચિત્ર છે.

પૂ.શ્રીનું હિન્દીમાં સુંદર એકધારું પ્રવચન શરૂ થયું. યાત્રાના સાથીઓ પૈકી સાત ભાઇબેનો રોકાયાં છે. તેઓ પૂ.શ્રીને પ્રથમ વાર હિન્દીમાં પ્રવચન કરતા સાંભળે છે.

સરસ્વતી શિશુમંદિરની વિદ્યાર્થીનીએ પ્રાર્થના, સ્વાગત ગીત વગેરે સુંદર કર્યું.

અમે સવારે પ્રથમવાર ભોજન હાથે બનાવ્યું. અત્યાર સુધી શ્રી વાચસ્પતિજીને ત્યાંથી ટીફીન આવતું હતું.

ગેસ વિ. ગોઠવાઇ જતાં આજે દાળભાત શાકનું ભોજન બનાવ્યું.

શુક્રવારે પૂ.શ્રીએ ભાખરી જાતે બનાવી.

આજે પણ પ્રવચન સુંદર હતું. પ્રવચન બાદ સર્વેશ્વરી હિન્દીમાં ભજન ગવડાવે છે. **(ક્રમશઃ)**

# સાધના પર્વ ને છાશની હાશ

—પ્રયોજન : તંત્રી

પૂ.શ્રી યોગેશ્વરજીની ૩૦મી પુણ્યતિથિને પૂ.માએ આ વર્ષે સાધના પર્વ તરીકે ઉજવવા સૂચવ્યું. આ પર્વ ત્રણ દિવસનું તા.૧૬મી માર્ચથી ૧૮મી માર્ચ સુધીનું.

આ સાધના પર્વમાં સાધકો પોતપોતાની રૂચિ પ્રમાણેના સાધનનો આશ્રય લઈ શકે તે માટે પાંચ સાધનો સૂચવાયાં. જપ, સ્તોત્રપાઠ, બાવનીઓ, પ્રણામ ને પ્રદક્ષિણા. આ કરતાં મૌન રાખવું ફરજિયાત. એટલે તો બસો સાધકોથી ઉભરાતા આ આશ્રમમાં એવી નીરવતા ને શાંતિ પ્રવર્તતી જણાતી કે જાણે અહીં કોઈ માણસ જ નથી.

અહીં તહીં ફરતાં ફરતાં જપ કરતા સાધકોના હાથમાં માળાઓના ગૂટકા દેખાય, મનમાં શિવમહિમ્ન કે વિષ્ણુસહસ્રનો પાઠ કરતાં છૂટા છવાયેલા બેઠેલા સાધકો જોવામાં આવે. તો કુટિયામાં કેટલાક મા—પ્રભુના સ્વરૂપો સામે પ્રણામ કરતા, તો કેટલાક હાથમાં માળા સાથે કુટિયાની કે સરોડાધામની પ્રદક્ષિણામાં મશગુલ સાધકો જોવામાં આવે. તો કોક પ્રકૃતિના ખોળે હીંચકે બેસી મનમાં જપ કરતા ધ્યાનમગ્ન જણાય. સમગ્રપણે જાણે આ આશ્રમ પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમની યાદ અપાવે એવું સુંદર, શાંત, વાતાવરણ લાગે. નવા આવનારાને સહેજે આવો અનુભવ થાય.

સાધકોને પૂ.મા આ સાધના પર્વ દ્વારા એ સૂચવવા માગે છે કે જીવનમાં અનેકવિધ પ્રવૃત્તિઓ આજીવિકા માટે કે અસ્તિત્વને



ટકાવવા માણસે ભલે કરવી પડતી હોય, તે બધા વચ્ચે પણ સાધના જરૂરી છે. તેનું મહત્ત્વ સમજો ને તેને પણ તમારા દૈનિક જીવનનો એક ભાગ બનાવો. ફુરસદ કાઢીને પણ આવા શાંત પ્રભુપરાયણ પરમાણુઓથી સભર સ્થાનોમાં જાઓ ને પવિત્ર પરમાણુઓથી સભર સ્થાનોમાં જાઓ ને માનવજીવનના આધ્યાત્મિક પ્રયોજનને સફળ બનાવો.

એથી અહીં આશ્રમમાં સરસ રીતે ઓછા ખર્ચે રહેવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. તો સાત્ત્વિક ભોજન પણ સસ્તામાં ઉપલબ્ધ છે. આ પર્વ દરમ્યાન દૂધ, ફળાહાર—ને સાંજે એકવાર ભોજન—અને તે પણ સાદુ ખીચડી—શાકનું, જેથી શરીરમાં પ્રમાદ ન થાય.

## સાધના પર્વ

—જ્યોત્સ્નાબેન ત્રિવેદી

(પૂ.શ્રીના દિવ્ય પ્રાગટ્ય દિન નિમિત્તે તા.૧૬થી ૧૮ માર્ચ ત્રણ દિવસનું સાધના પર્વ)

શ્રી શ્રી મા સાધનાં પર્વ નિમિત્તે સુંદર કાર્યક્રમનો પ્રસાદ આપણને ધરતાં જ રહ્યાં છે. તે સ્વર્ગારોહણને પ્રાચીન મુનિના આશ્રમની ભૂમિમાં પરિવર્તિત કરી દે છે. ઉપનિષદો અહીં જીવંત બની જાય છે. ઉપ=પાસે, નિ—નિષ્ઠાપૂર્વક બેસવું હોવું નિષ્ઠાપૂર્વક શ્રી ગુરુ ચરણોમાં બેસી કંઈક ગ્રહણ કરવું. તે ઉપનિષદ્ જપયજ્ઞ, પારાયણ મૌન પ્રણામ, પ્રદિક્ષિણા આ પંચાઆરતીથી પ્રભુને નવાજવાના હતા અને તેનામાં કર્પૂરની સુગંધ ભેળવતા બે સત્કર્મોનું આયોજન પણ કરવામાં આવ્યું. હંમેશની જેમ શ્રી શ્રી માએ પણ એ નિયમો પાળ્યા. આ વર્ષે આ

સાધનાનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો.

આ સાધના પર્વમાં પૂ.માએ સાધકોને ઘણા બધા વિકલ્પો આપ્યા છે. જેવા કે

**૧૬–૩–૨૦૧૪ ૫૧ પ્રદક્ષિણા**

૩ કલાક મૌન, ગુરુ લીલામૃતનું પારાયણ–૧ થી ૫ અધ્યાય રાત્રે ૧ કલાક સંકીર્તન, સત્કર્મ.

**૧૭–૩–૨૦૧૪ ૧૧ બાવની**

૧૦૮ પ્રણામ. ૩ કલાકનું મૌન ૬ થી ૧૦ અધ્યાયનું પારાયણ ૧ કલાક સંકીર્તન દૂધ–ફળાહાર રાત્રે ખીચડી શાક.

**૧૮–૩–૨૦૧૪ ૫૧ બાવની**

૧૫૧ માળા. ૩ કલાક મૌન. ૧૧ થી ૧૪ અધ્યાયનું પારાયણ નિર્જળા. ફળાહાર રાત્રે ૮ ઉપવાસનું ભોજન

દરેક પર્વ નિમિત્તે શ્રી શ્રી મા કંઇક ને કંઇક વખતે વિશિષ્ટ પ્રસાદ બાળકોને આપતાં જ રહે છે. આ વર્ષે પણ રસામૃત ભા. ૧, ભા. ૨ નો વિશિષ્ટ પ્રસાદ, તેનું દર્શન શ્રી શ્રી માએ બાળકોને વહેંચ્યો. તો પૂ.શ્રીનાં આ પ્રવચનો, યજ્ઞોપવિત સંસ્કારના પર્વનું દર્શન, બનારસના દશાશ્વમેઘ ઘાટ પરની ગંગાજીની આરતીનું દર્શન, સંત એકનાથના જીવનનું દર્શન, પુણ્ય પવિત્ર દર્શનોથી સાધકોની દૃષ્ટિને તપઃપૂત અને પવિત્રતમ બનાવી દીધી.

તા. ૧૭/૩/૨૦૧૪ ના રોજ પૂ.શ્રીના વિડિયો દર્શન પહેલાં શ્રી શ્રી મા કહે છે. "૩૨ વર્ષ પહેલાંના પરદેશનાં પ્રવચનો વર્ષો પછી ગયા મહિને મંગાવી હેમલભાઇને પૂ.શ્રીના ઘોડાના ડાબલા પહેરાવી માએ બેસાડી દીધા. ભૂખ તરસ જોયા વગર



તેમણે તે કાર્ય કર્યું. વર્ષોની આપણી પ્યાસ બુઝાવવાનું કાર્ય કર્યું. આ દર્શન ૨૨ મિનિટનું છે."

પૂ.શ્રી કહે છે ભગવાનની ભક્તિ કરીએ. ધ્યાનથી કરીએ તો જ આપણને કૃપાનું ધન મળે.

શ્રી સમિતભાઇએ પણ આ પર્વ નિમિત્તે બે પુસ્તકો વહેંચ્યાં હતાં. તેમનાં માતૃશ્રી વર્ષોથી શિક્ષિકા છે. બાળમાનસી નાડ તેમના હાથમાં છે. તે બાળકો સાથેની વાતો અને તેમના વર્તનની વાતો આ પુસ્તકમાં છે.

બીજી પુસ્તિકા અંગ્રેજીમાં પૂ.શ્રી મા ઉપરની છે જે તેમણે પરિવાર દીઠ ૧–૧ વહેંચી છે.

**સ્વર્ગારોહણ ૧૮/૩/૨૦૧૪**

શ્રી શ્રી મા પધારે છે. આજકાલ શ્રી શ્રી મા આસન ગ્રહણ નથી કરતાં. કંઇ વિશિષ્ટ સાધના છે કે પ્રભુને નવો ધરેલો ઉપહાર કંઇ સમજાતું નથી, પણ શ્રી શ્રી મા લખે છે.

તમે બધા કેમ બેઠા છો? અહીં કોણે આવવા દીધા, તમે બધા સારા ઘરના લાગો છો તમે બધાં કરોડપતિ થઇ ગયાં. પૂ.શ્રીના દર્શન સત્સંગ પામીને અહીં બેઠેલામાંથી ત્રિકાળ સંધ્યા કોણ કોણ કરે છે? (શ્રી પંડિતજી અને શ્રી ચંદ્રકાંતભાઇ પટેલ આંગળી ઊંચી કરે છે.)

૧૮મીથી હવે પંડિતજી ત્રિકાળ સંધ્યા કરશે. પૂ.શ્રીના બાળકો જેમને જેમને બ્રાહ્મણ શરીર મળ્યું છે તે તે કરશે. આજે સંકલ્પ કરશે કે ત્રિકાળ સંધ્યા નિયમિત કરીશું. માત્ર ભૂદેવો જ નહીં, અહીં બેઠેલા સર્વે ત્રિકાલ સંધ્યા કરવાના છે. સવારે પ્રણામ વંદનાની પહેલી સંધ્યા થઇ ગઇ, તો પૂ.શ્રીના દર્શન

સત્સંગનો લાભ મળ્યો, હવે સત્કર્મ પછી એકવાર પૂ.શ્રીનાં દર્શનનો લાભ અને રાત્રે પણ દર્શનનો લાભ મળશે. એટલે ૩–૩ સંધ્યા સહુની થઇ ગઇ.

**સંતનું દર્શન–સંતની અમૃત વાણીનું શ્રવણ એ જ આપણી સંધ્યા**

પૂ.શ્રીએ વર્ષો સુધી મંચથી, કલમ દ્વારા જે જે શિક્ષણ આપ્યું, જે જે વાતો કરી પ્રવચન લેખન દ્વારા તે તે વર્તનમાં મૂકવા સ્વર્ગારોહણની ભૂમિને પસંદ કરી છે. પૂ.શ્રીએ આ મંચ સેવા માટે જ ધર્યો છે. એ મંચ ઉપરથી શ્રી રાજુભાઇના મનઅંતરે પૂ.શ્રી જ શુભ સંકલ્પો કરાવે છે. શ્રી રાજુભાઇએ ટ્રસ્ટમાં જે ક્ષણે પગલાં પાડ્યાં તે ક્ષણથી જ આવા સત્કર્મોનો આરંભ થઇ ગયો.

આ પૂ.શ્રીની પ્રાસાદિક ભૂમિ છે. આ મંચ પણ પ્રસાદ મંચ છે. અહીં છેલ્લા ૧૫–૨૦ વર્ષથી શ્રી રાજુભાઇના મન અંતરે વિવિધ શુભસંકલ્પો ધરી ધરીને પૂ.શ્રી સ્વર્ગારોહણના નામને જગમંચે પ્રકાશિત કરી રહ્યા છે. આજે પણ અહીં બે સત્કર્મ થવાનાં છે. આપણે એટલા બધા સત્કર્મોથી ટેવાઇ ગયા છીએ કે સત્કર્મ ના હોય તો આપણને સૂનું લાગે છે. જાણે દરેક સત્કર્મે સ્વર્ગારોહણ નવો જન્મ લે છે. આપણને સહુને એવાં સત્કર્મો મૌન રહીને ઘણી બધી રીતે જગાડી જાય છે. એટલે આ ભૂમિ જાગ્રત ભૂમિ છે, પ્રેરણાભૂમિ છે, કંજૂસ મારવાડી પણ અહીં બિરલા કે તાતા બની તિજોરી ખાલી કરવા માંડે છે. આ ભૂમિ ઉંઘતાને જગાડનારી અને જાગતાને ઢંઢોળનારી છે. તમે બધા આવા સત્કર્મોમાં સેવા આપવા દોડતા આવતા રહ્યા છો, તે પણ પૂ.શ્રીની જ એક યોજના છે.



## છાશની હાશના પર્વનો પ્રારંભ

તા.૧૮–૩–૨૦૧૪ થી તા.૧૭–૬–૨૦૧૪ ત્રણમાસ ગત વર્ષે આ પર્વ શ્રી શ્રી જ્યોર્તિમયી માતા તરફથી ત્રણ માસ માટે કરવામાં આવ્યું હતું. તેમાં બરણીનો પ્રસાદ કોન્ટ્રાક્ટર પરિવાર તરફથી હતો.

આ પર્વના પાયામાં પડેલી વાત એવી છે કે અહીં આસપાસમાં રહેતા માણસો પાસે બે ટંકનું ભોજન પણ નથી હોતું. એવી ગરીબાઈમાં તે જીવે છે. તે આપણા ભાઇ બ્હેનો આપણી હૂંફના હકદારો છે. આપણે તો તેમને શું આપી શકીએ? પણ તેમની પાસે રોટલા સાથે ખાવા શાક કે સૂકી ચટણી પણ હોતી નથી. તો આવી ઉનાળાની કાળઝાળ ગરમીમાં રોટલા લૂખા ન ખાતાં છાશ સાથે ખાઇ શકે એટલે છાશ આપવાનું વિચાર્યું. પરિવાર દીઠ ૧ લીટર છાશ આપવામાં આવી જેથી એક પરિવારમાંથી બે ત્રણ જણ ના લઇ જાય અને બીજાં ભાઇ બ્હેનો વંચિત રહી ન જાય, તે માટે કાર્ડ આપવામાં આવ્યાં છે.

આ વર્ષે આ પ્રસાદ વહેંચવાનું સદ્ભાગ્ય શ્રી મંજુબ્હેન ભાવસાર, અને શ્રી પ્રવિણભાઇ ભાવસાર ને પ્રાપ્ત થયું છે, તેનો રોજનો ખર્ચ અંદાજીત બે થી સવા બે હજાર રૂા. છે. તેનો કુલ ખર્ચ ૩ લાખ રૂા. થશે.

આજે શ્રી શ્રી માએ પણ લાભાર્થી ભાઇ બ્હેનોને બુંદી ચવાણા સાથે ૧૦–૧૦ રૂા. લક્ષ્મીનો પ્રસાદ આપ્યો.

શ્રી ભૂપેશભાઇ તરફથી બરણીનો પ્રસાદ સહુને આપવામાં આવ્યો. આ કાર્યમાં શ્રી નાથાભાઇ અને આપણા સેવક ઈશ્વર-ભાઇએ ખૂબ મદદ કરી છે તે દરેકના ઘરે ઘરે જઇ તપાસ કરી

સહુને અહીં લઈ આવ્યા છે. રબારીવાસથી હોસ્પિટલ સુધીના વિસ્તારના જે જે ભાઈ બેનો છે તે બધાંને આ પ્રસાદનો લાભ મળશે.

મંજુબ્હેને શ્રી શ્રી માને વિનંતિ કરી અમે ખૂબ મોટાં દાન ના આપી શકીએ પણ સેવા સત્કર્મના કાર્યોમાં મા અમને પણ યાદ કરજો. શ્રી શ્રી માએ કહ્યું કુટિયાને નવો કોટ પહેરાવવાનો છે તેમાં કંઇ આપવું છે તો તેમણે હા પાડી અને તેમની સાથે મધુબેન જાગાણી, નીલાબેન, રંજનબેન દેસાઇ અને શ્રી શ્રી મા સહુએ સહયોગ ધર્યો. આ ઉપરાંત વિશેષ કરવાની મંજુબ્હેનની ઈચ્છા હતી, તો છાશ પર્વમાં જોડ્યાં. સાથે શ્રી પ્રવિણભાઈને પણ જોડ્યા. આજથી ૩ મહિના સુધી બંને ભાઈબેન એ છાશની હાશ લેશે. મા કહે, મંજુબેન પ્રતિભાવ આપતાં કહે છે બધું માનું છે. તો શ્રી શ્રી મા કહે છે તમારા બેંક ખાતામાં કે વીલમાં માનું નામ છે ખરું? બધા કહે છે પણ કોઈ લખોને માને વારસદાર તરીકે મૂકતાં જ નથી. હાસ્ય, વિવિધ દર્શનો વિવિધ સત્કર્મો જેમાં ચાર શાળાના લગભગ ૪૦૦ બાળકો પણ હાશ પામ્યા. શ્રી શ્રી માનાં વિધ વિધ દર્શન સંકીર્તન, જપ, પ્રણામ, પ્રદક્ષિણાથી સહુ ભર્યા ભર્યા થઇ સ્વર્ગારોહણનું મધુરતમ દર્શન હૃદયમાં સંગ્રહીને સહુએ વિદાય લીધી.

હે મા! નિત્ય આપનાં શ્રી ચરણોમાં જ રાખજો. ગુરુભગવંત ને આપમાં જ વિંટળાયેલા રહીએ અને સાધના પર્વનો ક્રમ નિત્ય જીવનનો ક્રમ બની રહે તેવી અંતરના અંતરતમથી પ્રાર્થના.



# મનની ખટપટ કેવી રીતે મટે?

—સ્વામી રામસુખદાસ

### પ્રશ્ન આવ્યો છે કે મનની ખટપટ(હલચલ, અશાંતિ) કેવી રીતે મટે?

બહુ જ સીધી વાત છે કે મનમાં જે ખટપટ ચાલે છે તે આપણા જાણવામાં આવે છે. તો જે ચીજ જાણવામાં આવે, જોવામાં આવે તે આપણા સ્વરૂપમાં નથી હોતી. મને મકાન દેખાયું તો શું હું મકાન થઇ ગયો? મને એક પથ્થર દેખાયો તો શું હું પથ્થર થઇ ગયો? દેખાય છે તે ચીજ ભિન્ન—અલગ હોય છે અને તેને જોવાવાળો અલગ હોય છે. એમાં સંદેહ નથી. ખટપટ થાય છે એવું તેને જોવાવાળો અલગ હોય છે. એમાં સંદેહ નથી. ખટપટ થાય છે એવું જેને જ્ઞાન થાય છે તે તમે જ છો. તમે ખટપટને જોનારા થયા. એમાં શંકા છે શું? ખટપટને આપણે દેખીએ છીએ અને ખટપટ દેખાવાવાળી થઇ તો આપણને શું બાધા લાગી? આપણે પથ્થર જોયો, પથ્થર ગરમ થઇ ગયો તો આપણે શું? અને ઠંડો થઇ ગયો તો પણ શું?

આ જે મનનો સંકલ્પ છે કે ખટપટ ન રહે એ જ ખટપટનું કારણ છે; કેમ કે, આ સંકલ્પથી જ ખટપટ સાથે આપણો સંબંધ બંધાઈ જાય છે. જો એવો સંકલ્પ કર્યો કે મારા મનમાં ખટપટ ન રહે તો બસ સમજી લો કે હવે ખટપટ જવા જ માંડશે. તેથી મન સાથેનો જ સંબંધ તોડી દો. વાસ્તવમાં તો મન સાથે સંબંધ જ નથી. આ તો કેવળ માની લીધેલી સંબંધ છે. મનને તમે તમારું માન્યું, એટલે ખટપટને તમે સ્વયંમાં માની લીધી. ખટપટ તો

પેદા થાય છે અને મટી જાય છે, સંકલ્પ ઉત્પન્ન થાય છે અને મટી જાય છે, પરંતુ આપણે તો એ—ના—એ જ રહીએ છીએ. આમાં કોઇ સંદેહ છે કે? તો આ મટે કે ન મટે, એને તમે છોડી દો. તમે એની સાથે ભળી ન જાઓ. એનાથી રાજી—નારાજ ન જ થાઓ. ખટપટથી ખુશ થવું એ પણ એની સાથે ભળી જવા જેવું છે, અને નારાજ થવું એ પણ એની સાથે ભળવા જેવું છે. સાધકને માટે ઉત્તમ ચીજ એ છે કે તમે રાજી પણ ન થાઓ અને નારાજ પણ ન થાઓ. જેવી રીતે તડકો લાગવા માંડ્યો અને મન એમાં ન માન્યું તો છાયામાં જઈ બેસી જાઓ. પરંતુ તડકા સામે વિરોધ ન કરો અને છાયાની પ્રશંસા ન કરો. ન તો કોઈનો વિરોધ કરવાનો છે કે ન તો કોઈની પ્રશંસા કરવાની છે. આ જ સાધકનું ખાસ કામ છે.

જ્ઞાનયોગી, કર્મયોગી અને ભક્તિયોગી ગમે તે સાધનાનો યોગી હોય, જે પરિસ્થિતિ આવે તેમાં રાજી—નારાજ ન થવું એ બધાનું કામ છે, યોગીમાત્રનું કામ છે. જે પરમાત્માતત્ત્વની પ્રાપ્તિ કરવા ચાહે છે એને માટે આ બહુ આવશ્યક છે. ગમે તેવી સુંદર ચીજ મળે અથવા ગમે તેટલી અસુંદર ચીજ મળે, ગમે તેટલી અનુકૂળતા થાય કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે એ બન્નેમાં જે સુખી—દુ:ખી નથી થતો તે પરમાત્માતત્ત્વને પ્રાપ્ત કરી શકે છે, અને જે સુખી—દુ:ખી થાય છે, એની સંસારમાં આવન—જાવન ચાલ્યા જ કરે છે, એટલે કે જન્મ્યા—મર્યા કરે છે.

અનુકૂળતા અને પ્રતિકૂળતા તો બધાયને આવશે. જેના ઘોડા હાંકે છે એવા અર્જુનને ભગવાન કહે છે—ભાઈ, આ તો **'શીતોષ્ણસુખદુ:ખદા:'** છે. એને તું સહન કરી લે— **'તાંસ્તિતિક્ષસ્વ' (ગીતા ૨ । ૧૪)**. આ સર્વ હું મટાડી દઈશ



એવું ભગવાને નથી કહ્યું. ભગવાને તો સહન કરવાનું કહ્યું છે.

રાગ—દ્વેષને વશ ન થાઓ. યોગ્ય અને અયોગ્ય માનીને સુખી દુ:ખી ન થવું. એની ચિંતા ન કરો. બધું જ યોગ્ય થઈ જશે. ગમે તેટલી ખટપટ આવે, સુખી—દુ:ખી ન થશો. આ બધું આવન—જાવન કરનાર છે. એનો મંત્ર છે— **'આગમાપાયિનોઅનિત્યા:'** આવું મનમાં ને મનમાં જપો. એવા ભાવથી જપો કે આ બધું તો આવવા—જવાવાળું છે, અનિત્ય છે, સારી કે ખોટી ગમે તેવી કેમ ન હોય, ખટપટ આવે કે આ મંત્ર(સૂત્ર) લગાવી દો કે **'આગમાપાયિનોઅનિત્યા:'** આ આવવા—જવાવાળી છે અને અનિત્ય છે. અનુકૂળથી ય અનુકૂળ આવે તો પણ તે આવન—જાવન સ્વભાવવાળું જ છે. પ્રતિકૂળથી પ્રતિકૂળ આવે તો પણ તે આવન—જાવન સ્વભાવવાળું છે. બિલકુલ સાચી વાત છે. ન તો અનુકૂળતા સદૈવ ટકે છે, ન તો પ્રતિકૂળતા સદૈવ ટકે છે. બસ એને માટે એટલું જાણી લો કે આ કશું રહેવાનું નથી. આમાં કશું જ નવું કામ કરવાનું નથી. હવે એને લઈને શું રાજી કે નારાજ થવું?

**ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્ ।**

(ગીતા ૫ । ૨૦)

પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિમાં સુખી અને દુ:ખી શા માટે થવું? ગમે તેવી ઉત્તમ પરિસ્થિતિ આવે, ટકવાની નથી, પણ તમે તો ટકેલા જ છો, રહેવાવાળા જ છો. કેમ કે, તમારી સામે અનુકૂળતા અને પ્રતિકૂળતા બન્ને આવે છે અને જાય છે છતાં તમે તો રહો જ છો. તમે તે જ છો, બસ સ્વયં પર દૃષ્ટિ કરો. આ જે આવન—જાવન કરવાવાળી ચીજો છે એમની સાથે તાદાત્મ્ય ન કેળવો, બસ આ જ તો મુક્તિ છે. એમની સાથે ભળી જવું એ જ

તો બંધન છે. આવવા—જવાવાળી ખટપટની સાથે ભળી જવું એ જ તો બંધન છે. ન ભળવું એ જ મુક્તિ છે. કેટલી સરળ અને સીધી—સાદી વાત છે.

તમે કહો છો કે ઇચ્છા ન હોવા છતાં આપણે જેમાં ભળી જઇએ છીએ, અનુકૂળતા—પ્રતિકૂળતા સાથે તાદાત્મ્ય એકદમ થઇ જાય છે, તો તેનો પણ ઉપાય છે. એમની સાથે ભળી જવા છતાં પણ એ જ્ઞાન તો રહે છે, કે આપણે આની સાથે ભળી ગયા છીએ, પણ આપણે અલગ તો છીએ જ અને આ ખટપટો પણ અલગ છે. આ વાત સાચી છે કે નહીં? ખટપટ પેદા થાય છે અને મટી જાય છે, આવે છે અને જાય છે છતાં તમે તો સ્વરૂપમાં અડીખમ ઊભા છો. તો પછી તમે અને ખટપટ અલગ અલગ બે થયા કે એક જ?

હવે કહે છે કે 'અમે અત્યારે જાણીએ છીએ, પણ જે વખતે અનુકૂળતા—પ્રતિકૂળતા આવે છે તે વખતે ખબર રહેતી નથી. અમે તો એમાં એકરસ થઇ જઇએ છીએ. ભળી ગયા પછી ખબર પડે છે અરે! આપણે તો ભળી ગયા.' તો પછી ખબર પડતાંની સાથે જ આ વિચાર કરો કે તે સમયે પણ આપણે ભળી ગયા ન હતા, ભળી ગયા છે એવું કેવળ માની લીધું હતું. તે અમારી સાથે નથી, આપણે એનાથી અલગ છીએ. ભિન્ન છીએ એવું વિચારીને ચૂપ થઇ જાઓ. બસ, બધી ખટપટ મટી જશે. ખટપટ સાથે ભળી જવાથી જે સુખ—દુઃખ છે, તેને તમે આદર આપો છો તેથી જ આપણી ખટપટ મટતી નથી. એનો આદર ન કરો, કહી દો અમે તો ભળ્યા જ નથી. પછી સ્વયં મટી જશે. જ્યારે પણ ખ્યાલ આવે ત્યારે પોતાની જાતને કહી દો કે ના, ના અમે મળ્યા—ભળ્યા જ નથી.



જ્યારે ખટપટ થાય છે, અનુકૂળતા—પ્રતિકૂળતા થાય છે ત્યારે તો તેમાં આપણે વહી જઇએ છીએ અને સુખી—દુઃખી થઇ જઇએ છીએ. અને પછી જ્યારે ખબર પડે કે હું તો ખટપટમાં ભળી ગયો છું, ત્યારે ચિંતા કરો છો કે હું તો ખટપટમાં ભળી ગયો! તો જે સમયે એને મળો છો તે સમયે પણ એને મળવાનું છોડતા નથી, અને જ્યારે મળતા નથી તે સમયે પણ એની જ ચિંતા કરો છો. આ જ તો બીમારી છે, બન્ને વખતે તમે જ એને પકડી લો છો. વાસ્તવમાં તો તમે મુક્ત તો સ્વયં જાતે જ થઇ જાઓ છો. પરિસ્થિતિ, પદાર્થ તો બિચારા તમને મુક્ત કરી જ રહ્યા છે, પણ તમે એને પકડી લો છો કે અમારે ઘણી ખટપટ રહે છે, ખટપટ મટતી જ નથી. આ રીતે જ્યારે ખટપટ નથી હોતી, ત્યારે પણ તમે ખટપટ પકડી રાખો છો. હવે જ્યારે ખટપટ આવે છે ત્યારે રાગ—દ્વેષ કરીને ફસાઇ જાઓ છો અને જ્યારે ખટપટ નથી હોતી ત્યારે એની ચિંતા કરીને એમાં ફસાઇ જાઓ છો. આવું ન કરીને શા માટે એમાં ફસાઓ છો?


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# દુઃખોનું પોટલું

—ડૉ. આઈ. કે. વીજળીવાળા

**એ**ક વખત એક માણસ પોતાનાં દુઃખોથી અતિશય કંટાળી ગયો. રાત—દિવસની મગજમારી, પત્ની સાથે અણબનાવ, છોકરાંવની નિશાળ, ટ્યૂશન, પરીક્ષાઓ, એમને ક્યાં ગોઠવવાં એની માથાકૂટ, ધંધામાં ચડતી—પડતી, વૃદ્ધ માતા—પિતાની માંદગી અને એવા તો બીજા અનેક પ્રશ્નો અને જવાબદારીઓનું પોટલું ખભા પર ઉપાડીને ચાલતાં એ બિલકૂલ ત્રાસી ગયો હતો. એને જિંદગીમાં ચારે તરફ ફક્ત અંધારું જ અંધારું દેખાતું હતું. ટૂંકમાં, આટલો બધો બોજો ઉપાડીને એ ગળે આવી ગયો હતો. એટલે એણે જિંદગી ટૂંકાવી દેવાનું નક્કી કરી નાંખ્યું. આપઘાત કરવાના ઈરાદાથી એક વખત ઘરે કોઈ નહોતું ત્યારે મોકો જોઈ એણે ઘેનની ગોળીઓ ગળી લીધી. હવે મરવા માટે જેટલી ગોળીઓની જરૂર પડે તેનાથી ડોઝ થોડો ઓછો રહી ગયો હશે એટલે એ માત્ર ઊંડી ઊંઘમાં સરકી ગયો.

અચાનક એને લાગ્યું કે એની આજુબાજુ જાણે દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો છે. જે તરફથી એ અદ્‌ભુત પ્રકાશ આવતો હતો એ બાજુ એણે નજર કરી. જોયું તો પરમ કૃપાળુ પરમાત્મા અતિ તેજસ્વી ચહેરા સાથે મંદ મંદ હાસ્ય વેરતાં ઊભા હતા. જેવી બંનેની આંખો મળી કે તરત જ એ બોલ્યા, 'દીકરા! મારા વહાલા સંતાન! હું બોલાવું તે પહેલાં મારી પાસે આવવાની ઉતાવળ તને શા માટે થઈ આવી છે?'

'હે પ્રભુ! મને માફ કરજો. હું તમારી પાસે આવવાની



ઉતાવળ કરું છું તેના માટે ક્ષમા કરજો. પરંતુ જિંદગીનું એક પણ પગલું આગળ માંડી શકવાની ત્રેવડ હવે મારામાં રહી નથી. મારી જવાબદારીઓ અને ચિંતાઓ અને દુઃખોનું આ પોટલું તમે જોયું? હવે એનો ભાર વેંઢારવાની શક્તિ કે હિંમત એ બેમાંથી એકેય મારામાં રહ્યાં નથી. એટલે હું મારી જિંદગી પૂરી કરી દેવા માંગું છું.' પોતાના ખભા પરના મોટા પોટલા સામે આંગળી ચીંધી એણે ભગવાનને કહ્યું.

'પણ મેં તો તમને સૌને તમારી બધી જ ચિંતાઓ મને સોંપી દેવાનું કહ્યું જ છે. તું પણ તારી ચિંતાઓ મને સોંપીને હળવો કેમ નથી થઈ જતો?' ભગવાન હસ્યા.

'પણ ભગવાન! તમે મને જ શું કામ સૌથી ભારે પોટલું આપ્યું છે? મેં તો મારા પોટલા જેટલો ભાર ક્યારેય કોઈના ખભે જોયો નથી!' રડમસ અવાજે એ માણસે ફરિયાદ કરી. 'મારા દીકરા! આ દુનિયામાં દરેકેદરેક વ્યક્તિને મેં કંઈક ને કંઈક બોજો ઉપાડવા આપેલ જ છે. અને એ ફરજિયાત છે. જો! અહીંયાં તારા ઘણા આડોશી—પાડોશીઓનાં પોટલાં પડ્યાં છે. તને એવું લાગતું હોય કે તારું પોટલું જ મેં સૌથી ભારે આપ્યું છે તો તું એના બદલે આમાંથી બીજું લઈ શકે છે. બોલ એવી અદલા—બદલી કરવી છે?' માર્મિક હસતાં ભગવાને કહ્યું.

નવાઈના ભાવો સાથે પેલા માણસે ભગવાનનાં ચરણ પાસે પડેલાં પોટલાંઓ તરફ નજર નાંખી. બધાં જ પોટલાંઓનું કદ પોતાનાં પોટલા જેટલું જ હતું. પણ દરેક પોટલા પર એક નામ લખાયેલું હતું. જે વ્યક્તિનું પોટલું હોય તેનું નામ—સરનામું એ પોટલા પર લખાયેલું હતું. સૌથી આગળ પડેલા પોટલા પરનું નામ એણે વાંચ્યું. એના પોતાના જ ઘરની બાજુમાં રહેતી એક

અતિ સુંદર અને ખૂબ જ સુખી દેખાતી એક પૈસાદાર સ્ત્રીનું નામ એના પર લખેલું હતું. એ સ્ત્રીનો પતિ ખૂબજ મોટો ઉદ્યોગપતિ હતો. એના ઘરમાં સમૃદ્ધિની તો રેલંછેલ રહેતી. ઘરની દરેક વ્યક્તિ માટે એ લોકો અલગ કાર જ વાપરતાં અને એ પણ પાછી ઈમ્પોર્ટેડ! એ સ્ત્રીની દીકરીઓ મોંઘાંદાટ પોશાકો અને અત્યાધુનિક ઘરેણાં જ પહેરતી. કૉલેજમાં ભણતો એનો દીકરો દર મહિને એની કાર બદલાવતો. ઉનાળાની ગરમીનો એક મહિનો એ સ્ત્રી અને એનું કુટુંબ સ્વિટ્ઝર્લૅન્ડમાં જ વિતાવતાં. આ સ્ત્રીનું પોટલું લેવાનો પેલા માણસને વિચાર આવ્યો. એણે પોતાનું પોટલું બાજુમાં મૂકીને એ સ્ત્રીનું પોટલું ઉપાડ્યું. પણ જેવું એણે એ પોટલાને ઊંચું કર્યું કે એને ખૂબ નવાઇ લાગી. એ સ્ત્રીનું પોટલું હળવું હોવાને બદલે એના પોતાના પોટલા કરતાં બમણું ભારે હતું. માંડમાંડ એણે એ પાછું મૂક્યું. પછી ભગવાન સામે જોઇને પૂછ્યું, 'ભગવાન! આટઆટલી સુખસાહ્યબીમાં રહેતી આ સ્ત્રીનું પોટલું તો પીછાં જેવું હળવું હોવું જોઇએ, તેના બદલે એ આટલું બધું ભારે કેમ? મને આ સમજાયું નહીં!'

'ન સમજાયું હોય તો તું જાતે જ એ ખોલીને જોઇ લેને!' એ જ માર્મિક સ્મિત સાથે ભગવાને કહ્યું.

પેલા માણસે પોટલું ખોલ્યું. બહારથી ખૂબ જ સુખી અને અતિ વૈભવશાળી જીવન જીવતી એ સ્ત્રીના પોટલામાં રાતદિવસ એને હેરાન કરતી અને એનો જીવ લેવા માટે ઝંખતી એની કર્કશા સાસુ દેખાઇ. એ સ્ત્રીનો પતિ દારૂડિયો હતો. એ ધંધાના કામે દેશવિદેશમાં રખડતો રહેતો અને અત્યંત વ્યભિચારી જીવન જીવતો હતો. એના કારણે ભયંકર રોગો પણ એને ઘેરી વળ્યા હતા. પેલી સ્ત્રીને પણ એ બધા રોગોનો ચેપ લાગી ચૂક્યો



હતો. પતિ–પત્ની બંને ગુપ્ત રીતે લાખો રૂપિયા એ રોગની સારવારમાં ખરચતાં હતાં. એનો દીકરો દાણચોર સાથે સંબંધ ધરાવતો હતો. એની દીકરીના માથા પર એણે પાટો જોયો. એ બિચારી મગજના કેન્સરથી પીડાતી હતી...બસ! એણે ઝડપથી પોટલું બંધ કરી દીધું. એ આગળ જોઇ ન શક્યો. એનાથી બોલાઇ જવાયું, 'ભગવાન! બહારથી અત્યંત શ્રીમંત અને ખૂબ સુખી લાગતી સ્ત્રીનું જીવન આટલી બધી યાતનાઓથી ભરેલું છે? હું કલ્પના પણ નથી કરી શકતો!'

ભગવાન હસી પડ્યા, કહ્યું, 'મેં તને કહ્યું ને! દરેકની માથે પોટલું હોવું ફરજિયાત હોય છે. છતાં બીજાનું પોટલું તમને હળવું જ લાગે છે, કારણ કે એ તમારા ખભા પર નથી હોતું. હજુ પણ તારે બીજા કોઇનું પોટલું જોઇને એ લેવું હોય તો તને છુટ્ટી છે!'

એ માણસ જેને જેને સુખી અને ખુશકિસ્મત માનતો હતો એમનાં નામ જોઇ જોઇને એણે પોટલાં ખોલી જોયાં. પણ નવાઇ પમાડે એવી વાત એ બની કે એ દરેક વ્યક્તિનું પોટલું એને વધારે ભારે અને પોતાથી અનેક ગણી વધારે વિટંબણાઓથી ભરેલું દેખાયું. એક એક કરીને ઘણાં બધાં પોટલાં એ ફંફોસતો રહ્યો અને એ વખતે મંદ મંદ હાસ્ય વેરતા ભગવાન એકદમ શાંતિથી ઊભા હતા.

ખાસ્સી વાર પછી અચાનક જ એણે પોટલાં ફંફોસવાનું બંધ કરીને હળવાશ સાથે કહ્યું, 'પ્રભુ! મને મારું જ પોટલું આપી દો. લાગે છે કે એ જ આ બધામાં સૌથી હળવું છે!'

'એવું છે? તો પછી તને જિંદગી ટૂંકાવી નાંખવી પડે એટલો

બધો ભાર શેનો લાગે છે? જોઈએ તો ખરા કે એમાં શું ભરેલું છે? તારું પોટલું ખોલ જોઉં!' ભગવાને કહ્યું.

એ માણસે પોતાનું પોટલું ખોલ્યું. અંદર સોનાની ઈંટો હતી, પૈસાની થપ્પીઓની થપ્પીઓ હતી અને બીજા સાવ નાનકડા કહી શકાય તેવા પ્રશ્નોરૂપી પથ્થરો હતા!

'દીકરા!' અત્યંત માયાળુ અવાજે ભગવાને કહ્યું, 'વરસોથી તું આ સોનાની ઈંટો લઈને ફરતો હતો અને આ પૈસાની થપ્પીઓ ભેગી કર્યો જતો હતો, તોપણ તારે વારો તો આપઘાત કરવાનો જ આવ્યો ને? તો પછી એ સોનાની ઈંટો કે પૈસાની થપ્પીઓ કામની શું છે? કોઈ લઈ જશે કે ખર્ચાઈ જશે એની બીકમાં તેં એનું વજન કેટલું વધારી દીધું છે? હવે તું દુનિયામાં પાછો જા, અને આ પૈસા મારાં એવાં સંતાનોમાં વહેંચી દે કે જેને જિંદગીએ કંઈ જ નથી આપ્યું. જેઓ ભૂખે મરી રહ્યાં છે. હું તને ખાતરી આપું છું કે એમનો આનંદ જોઈને તારા આત્માને જે સુખ અને શાતા મળશે એ આ દોલતથી તને ક્યારેય નહીં મળ્યાં હોય. ઉપરાંત એ બધું આપવાથી તારા ખભા પરનાં પોટલાનું વજન પણ ઘટતું જશે! અને હા! આ નાના નાના ધારદાર પથ્થરો શેના ભેગા કર્યા છે બતાવ જોઉં!'

પેલા માણસને ઘણી શરમ આવી. નીચું જોઈને એ બોલ્યો, 'પ્રભુ! એ મારાં અભિમાન, સ્વાર્થ, પાપ અને દ્વેષનાં પથ્થરો છે. જેની ધારથી મેં હંમેશા બીજાને ઈજા પહોંચાડવાનું કામ કર્યું છે.'

ભગવાન હસી પડ્યા. પછી બોલ્યા, 'કંઈ વાંધો નહીં બેટા! તું તારે નિરાંતે દુનિયામાં પાછો જા. પણ એ આ નાના પથ્થરો મને આપી દે. આજથી હું એ બધું તારી પાસેથી લઈ લઉં છું!'



કહી કરુણાના અવતાર પરમાત્માએ એનાં પાપ, રાગ—દ્વેષ તેમજ અભિમાન વગેરેના પથ્થરો પોતાના હાથમાં લઈ લીધા. એ પથ્થરો એટલા તીક્ષ્ણ હતા કે ખુદ ભગવાનના હાથમાંથી પણ લોહીની ધાર થઈ.

પેલા માણસને હવે ઘણી બધી હળવાશ લાગી રહી હતી.

ભગવાનનો આભાર માનીને એણે એમને પ્રણામ કર્યા. પછી પોતાનું જ પોટલું ખભે નાંખીને ધરતી પર પાછો આવવા માટે નીકળી પડ્યો. થોડેક દૂર ગયા પછી અચાનક એને કંઈક યાદ આવ્યું. પાછાં ફરીને એણે ભગવાનને પૂછ્યું કે, 'પ્રભુ! મારું પોટલું તો હંમેશાં મારા ખભા પર જ હોય છે. તો આ બધાંનાં પોટલાં અહીંયાં કેમ પડ્યાં છે?'

હવે ભગવાન એકદમ ખડખડાટ હસી પડ્યા. પછી બોલ્યા, 'મારા વહાલા દીકરા! એ જ તો વાત છે જે તું છેક અત્યારે સમજી રહ્યો છે. આ દરેકના ખભે અસહ્ય અને તારા કરતાં પણ ક્યાંય ગણો વધારે ભાર છે, છતાં એ લોકો સરસ રીતે જીવી રહ્યા છે, કારણ કે એમણે એમનું પોટલું મને સોંપી દીધું છે! જ્યારે તું તારું પોટલું તારા ખભે લઈને જ ફર્યા કરે છે!'

હવે પેલા માણસના મગજમાં ચમકારો થયો. એની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. ધીમા પગલે એ પાછો ફર્યો, ખભેથી પોટલું ઉતારીને એણે ભગવાનનાં ચરણોમાં મૂકી દીધું. પગે લાગ્યો. અને કોઈ દિવસ નહોતી અનુભવી એવી દિવ્ય હળવાશ અનુભવતો ધરતી પર પાછો આવવા નીકળી પડ્યો! એ જ ક્ષણે ઘેન ઊતરી જવાથી એની આંખ પણ ખૂલી ગઈ!

# સાધનાની દૃષ્ટિએ કાર્યો

–જ્યોતિ થાનકી

### કાર્યો દ્વારા સાધના

આપણા ધર્મગ્રંથોમાં, શાસ્ત્રોમાં કાર્યો અને સાધનાને અલગ પાડવામાં નથી આવ્યાં. કાર્યો પણ સાધના રૂપ બની શકે છે, તપ કરવાથી જે સિદ્ધિઓ મળે એથી પણ વિશેષ સિદ્ધિઓ કાર્યો, સ્વધર્મની ફરજો બજાવતાં બજાવતાં મેળવી શકાય છે એનાં બે શ્રેષ્ઠ દૃષ્ટાંતો મુનિ વેદવ્યાસે મહાભારતમાં આપ્યાં છે એક છે, જાજલિ મુનિનું દૃષ્ટાંતઃ જાજલિ મુનિ ભારે તપસ્વી હતા. તપ કરતા હતા, તો એટલું બધું તપ કર્યું કે લાંબી જટાઓ થઇ ગઇ. આ જટાઓમાં પક્ષીઓએ માળા બાંધ્યા અને તેમાં ઈંડા મૂક્યાં ઈંડામાંથી જ્યાં સુધી બચ્ચાં ન થયાં ત્યાં સુધી તેઓ ખાધાપીધા વગર તપ કરતા બેસી રહ્યા. 'આવું તપ કોઇ ન કરી શકે' એમ મનમાં વિચાર આવતા ભારે ગર્વ અનુભવ્યો કે 'હું કેવો ધર્મવેત્તા'! ત્યાં આકાશવાણી સંભળાઇ, "જો તારે સાચો ધર્મ સમજવો હોય તો કાશીના વૈશ્ય તુલાધાર પાસે જા" પોતાનાથી પણ મોટો ધર્મવેત્તા છે? અને તે ય વૈશ્ય? એટલે જાજલિ મુનિ કાશી આવી પહોંચ્યા. જોયું તો સામાન્ય વેપારી ગ્રાહકોને આપવાનો માલ જોખી રહ્યો હતો! એક ક્ષણ તો મનમાં થયું કે 'શું આની પાસે ધર્મનું જ્ઞાન હોઇ શકે?' પણ પછી પૂછ્યું ત્યારે તુલાધારે કહ્યું 'હું મારાં બધાં જ કર્તવ્ય કર્મો કરું છું. વેપાર પણ કરું છું, પણ ત્રાજવું સમતોલ રાખીને કામ કરું છું. આ ત્રાજવાની દાંડીની જેમ હું મારા મનને સદા ય સ્થિર રાખું છું. અને મહારાજ, હું એક જ ધર્મને જાણું છું કે જે સર્વના હિતને



મનમાં રાખે તે ધર્મ.' આમ કઠોર તપશ્ચર્યાથી જાજલિ મુનિ ધર્મનો મર્મ નહોતા પામી શક્યા તે મર્મ ત્રાજવાની દાંડી અને મનને સમતોલ રાખીને વેપાર કરતો, સંસારની સઘળી જવાબદારી વહન કરતો વેપારી તુલાધાર પામી શક્યો હતો.

મહાભારતમાં આવી જ એક બીજી વાત ચંડકૌશિકની છેઃ ચંડકૌશિકે ચમત્કારિક સિદ્ધિ મેળવવી હતી, એટલે તેણે ભારે તપ કર્યું હતું. તેણે ઊંધે માથે લટકીને, ધુમાડો પીને છ મહિના આકરું તપ કર્યું અને પરિણામે, તે કોઇના ઉપર ક્રોધથી દૃષ્ટિ કરે તો તેને બાળીને ભસ્મ કરી દેવાની શક્તિ મળી. એક વૃક્ષ નીચે તે બેઠો હતો અને તેના માથા ઉપર ચરક પડી. જોયું તો ઉપર બગલી બેઠી હતી! તેણે બગલી સામે જોયું અને બગલી બળીને ભસ્મ થઇ ગઇ. તેને પોતાની સિદ્ધિ ઉપર ભારે ગર્વ થયો. પછી તે ભિક્ષા માગવા નગરમાં ગયો. એક ઘરે ભિક્ષા માંગી. અંદરથી જવાબ આવ્યો, "મહારાજ, થોભો, હમણાં આપું છું." પણ બ્રાહ્મણી પતિની સેવામાં હતી, એટલે વધારે વાર થઇ. જ્યારે બ્રાહ્મણીએ બારણું ખોલ્યું, તો કૌશિક ભારે ગુસ્સામાં હતો, એ જોઇને બ્રાહ્મણીએ કહ્યું : 'મહારાજ, ગુસ્સે ન થાઓ હું કંઇ વનની બગલી નથી કે તમે મને ભસ્મ કરી દેશો' તેને ભારે આશ્ચર્ય થયું કે સામાન્ય બ્રાહ્મણ પત્ની ઘરની બહાર પણ નથી નીકળી અને તેને આ કેમ ખબર પડી? "હવે ગુસ્સો ઓગળી ગયો અને નમ્ર બની પૂછ્યુંઃ" માતા, આપે આ કેવી રીતે જાણ્યું? એ વિદ્યા મને શીખવો.

"મહારાજ, હું કોઇ શાસ્ત્રો ભણી નથી. એવી કોઇ વિદ્યા પણ મારી પાસે નથી. ઘર ગૃહસ્થીના કાર્યો કરતાં કરતાં, અને મારા પતિની સેવા કરતાં કરતાં મારું અંતર ખુલી ગયું છે! પણ

હું તમને એ જ્ઞાન આપી શકીશ નહીં. કેમકે તમારા ગુરુ બીજા છે.''

''ફરી કૌશિકને આશ્ચર્ય થયું, મારા ગુરુ વિષે પણ તમે જાણો છો?'' હા, મિથિલાનગરીના ધર્મવ્યાધ તમને જ્ઞાન આપશે.

અને પછી બ્રાહ્મણે મિથિલાનગરીની વાટ પકડી. ત્યાં ગામને છેવાડે રહેતા ધર્મવ્યાધને શોધી કાઢ્યો. તેણે જોયું તો તે માંસ કાપીને ગ્રાહકને આપી રહ્યો છે. તેને થોડે દૂર ઊભેલો જોઇને તેણે કહ્યું: 'આવો મહારાજ, તમને બ્રાહ્મણી માએ મોકલ્યા છે ને? પણ હમણાં હું કામમાં છું. મારા માતાપિતાને જમાડી લઉં. એમ કહી જેના ઉપર માંસ કાપતો હતો, એવો એક પથ્થર કૌશિકને બેસવા આપ્યો.' ''અરે, આવા મનુષ્ય પાસેથી જ્ઞાન મેળવવાનું? એ કેટલું હલ્કું કામ કરી રહ્યો છે! એની પાસે જ્ઞાન હોય?'' એનું મન વિચારી રહ્યું. સાથે સાથે એ જોતો રહ્યો. ધર્મવ્યાધે એના માતાપિતાને ખૂબ પ્રેમથી જમાડ્યા. એ પછી કૌશિક પાસે આવ્યો. કૌશિકે પૂછ્યું, ''તમને આ સિદ્ધિ કેવી રીતે મળી?'' એણે કહ્યું: હું કોઇ શાસ્ત્રો ભણવા ગયો નથી, મેં એવું કોઇ તપ પણ કર્યું નથી, પણ હું મારાં કર્તવ્ય કર્મ સારી રીતે કરી રહ્યો છું. મારો ધર્મ સારી રીતે બજાવું છું. પછી તેણે કૌશિકને ભારપૂર્વક કહ્યું, 'મહારાજ, પોતપોતાના ધર્મમાં રત રહેનાર વ્યક્તિને સિદ્ધિઓ સહજ હોય છે. સેવારૂપી સ્વધર્મનું પાલન કરો. બધી સિદ્ધિઓ તમને સ્વધર્મનું પાલન કરવાથી જ મળશે.'

આ રીતે મહાભારતકાર મુનિ વેદવ્યાસે ઊંચામાં ઊંચુ બ્રહ્મજ્ઞાન, વેપાર કરતા વૈશ્ય, ઘરકામ કરતી ગૃહિણી, અને સમાજની દૃષ્ટિએ હલ્કામાં હલ્કું ગણાવી શકાય તેવું કસાઇનું



કામ કરતા વ્યાધ દ્વારા પ્રગટ કરીને એ જણાવ્યું છે કે ગમે તે પ્રકારનું કામ કરતાં કરતાં પ્રભુને પામી શકાય છે.

આપણા મધ્યયુગના કેટલાય સંતોએ પણ આજીવિકા પ્રાપ્ત કરવાના કાર્યો કરતાં કરતાં ભગવાન મેળવ્યા છે. કબીરજીએ વસ્ત્રો વણતાં વણતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું, એ જ રીતે દક્ષિણના મહાન સંત તિરુવરુપલ્લકરે પણ વસ્ત્રો વણતાં વણતાં પરમતત્ત્વને પ્રાપ્ત કર્યું. મીરાંના ગુરુ રૈદાસ ચમાર હતા. મરેલા ઢોરના ચામડા કઢાવવાનું કામ કરતા હતા પણ અંતરમાં બિરાજતા શ્રીપ્રભુ સાથે તદ્રુપ હતા. ગોરાકુંભાર માટી ખૂંદતા ખૂંદતા ને માટલાં ઘડતાં ઘડતાં ઈશ્વરમય બની ગયા હતા. જનાબાઇ પારકા ઘરે કામ કરતી કરતી ને દળણાં દળતી દળતી 'વિઠ્ઠલ'ને પામી હતી. આવાં અનેક ઉદાહરણો દ્વારા આપણને એ સ્પષ્ટપણે પ્રતીતિ થાય કે સંસારમાં રહીને, સંસારની સઘળી જવાબદારી વહન કરીને, કામ કરતાં કરતાં પણ ભગવાન મેળવી શકાય છે.

**સાધનાની દ્રષ્ટિએ કાર્યો કેવી રીતે કરવાં?**

કર્મો તો કર્મો જ છે, પણ સાધનાની દૃષ્ટિએ જોતાં કર્મો, ભલે એનાં એ જ હોય પણ તેની પાછળની ભાવના બદલાઇ જાય છે. સાધનાની દૃષ્ટિએ કોઇ કર્મ નાનું નથી કે કોઇ કર્મ મોટું નથી, કોઇ કર્મ હલ્કું નથી કે કોઇ કર્મ ઊંચું નથી, બધાં જ કર્મો સમાન છે, પણ એની પાછળની ભાવના સાધનાની છે, ભગવાનને મેળવવાની છે એ કર્મોની ગુણવત્તા બદલાઇ જાય છે, એ કર્મો જેમ તેમ કરવા ખાતર નથી થતાં, પણ પૂજા રૂપે બની જાય છે સાધનાની દૃષ્ટિએ જ્યારે આપણે કાર્યો કરીએ છીએ ત્યારે અમુક બાબતોનો ખ્યાલ રાખવો જરૂરી છે. જે આ પ્રમાણે છે.

**(૧) કાર્ય પરમાત્માને અર્પણ રૂપે કરવું :–**

સાધનામાં કાર્ય પાછળ રહેલો ભાવ મુખ્ય છે. એક જ પ્રકારનું કાર્ય જો વ્યક્તિ સામાન્ય ચેતનામાંથી કરતી હોય તો તે કંટાળાજનક અને બોજારૂપ લાગે છે, એ જ કાર્ય બીજી વ્યક્તિ ભગવાનને અર્પણ કરવા કરતી હોય તો તે આનંદરૂપ બને છે, એ જ કાર્ય પ્રભુના સાન્નિધ્યમાં મૂકી આપનારું પણ બની જાય છે. એક જગ્યાએ મંદિરનું નિર્માણ થઈ રહ્યું હતું. ત્યાં ઘણા શિલ્પીઓ પથ્થરો ઘડી રહ્યા હતા. તેમાંના એક કારીગરને કોઈએ પૂછ્યું : ''ભાઇ તું શું બનાવે છે?''

''જોતા નથી, આ પથ્થરો તોડું છું.''

''તું થાકી ગયેલો જણાય છે.''

''હા, જુઓને આ રોજેરોજ પથ્થરો જ તોડવાના એટલે થાક તો લાગે જ ને? એના ચહેરા ઉપર થાક વરતાતો હતો, એટલું જ નહીં પણ વિષાદ પણ જોવા મળતો હતો; તેની મુખમુદ્રા તંગ અને ખેંચાયેલી હતી, જાણે પથ્થર ઘડતાં ઘડતાં તેની લાગણીઓ શુષ્ક બની ગઇ હોય એવા કઠોર ભાવો એના ચહેરા ઉપર પથરાયેલા હતા.'' એને સાંત્વના આપીને આગંતુક બીજા શિલ્પી પાસે ગયો, એ પણ એ જ કામ કરી રહ્યો હતો; એને પૂછ્યું; ''ભાઇ, તમે તો ખૂબ ખુશમાં જણાઓ છો, આ શું બનાવો છો?''

''હા, ખુશી તો થાય જ ને, જુઓને હું ભગવાનની મૂર્તિ માટે આ પથ્થરો ઘડી રહ્યો છું. આ કંઇ પથ્થર નથી, આમાં સાક્ષાત્ ભગવાન છુપાયેલા છે, હું મનોમન પ્રાર્થના કરતો રહું છું કે હે મારા પ્રભુ, તમે આમાંથી પ્રગટ થાઓ'' મને એવું લાગે છે કે પ્રભુની શક્તિ જ જાણે મારા હાથને ચલાવી રહી છે, મને



પૂરી ખાતરી છે કે તેઓ આમાં જરૂર પ્રગટ થશે, એનો મને આનંદ છે કે પ્રભુ મને માર્ગદર્શન આપી રહ્યા છે. ''પૂછનાર તે શિલ્પીના ચહેરા સામે જોયું તો તેનો ચહેરો પ્રસન્ન મધુર હતો, સાચ્ચે જ તેનું સમગ્ર અસ્તિત્વ જાણે તે કોઇ મહાન કાર્ય કરી રહ્યો હોય, એવા ઉત્સાહથી છલકાતું હતું.''

બંને શિલ્પીઓનું કાર્ય તો એક જ છે, ટાંકણાંથી પથ્થર ઘડવાનું. પણ એકને માટે વેઠ છે, બોજો છે, જ્યારે બીજાને માટે પ્રભુની સમીપ લઇ જનારી સાધના છે. તેનો તેને આનંદ છે. આમ ભગવાનને અર્પણ રૂપે કાર્ય કરવામાં આવે તો ગમે તેવું ક્ષુલ્લક કામ પણ મહાન બની જાય છે, અને એ કાર્ય કર્તાને પ્રભુના સાન્નિધ્યમાં મૂકી આપે છે. આ સંદર્ભમાં શ્રી અરવિન્દે જણાવ્યું છે કે, 'ભગવાનને માટે કરેલું બધું જ કામ, સંગીતથી માંડીને સુથારીકામ, રસોઇકામ, કે ઝાડુવાળવાનું કામ સુદ્ધાં તેની નાનામાં નાની બાહ્ય વિગતમાં તેમજ તે જે ભાવથી કરવામાં આવે છે, તે ભાવમાં પૂર્ણ બનવું જોઇએ. એવું જ કામ અર્પણરૂપ બની શકે છે.'

પ્રભુને નિવેદન કરીને, કાર્ય માટે તેમની પ્રેરણા મેળવવા પ્રાર્થના કરીને, પછી કાર્ય કરવામાં આવે તો એ કાર્ય ગમે તેટલું મુશ્કેલ હોય તો પણ સહેલાઇથી અને આનંદપૂર્વક થઇ જાય છે. વળી આપણી પ્રાર્થનાના પોકારે એ કાર્ય માટે મળેલી પરમાત્માની સહાય હોવાથી આપણે પરમાત્માના સાંન્નિધ્યમાં સહેલાઇથી પહોંચી શકીએ છીએ.

**(૨) પ્રભુનું સ્મરણ કરતાં કરતાં કાર્ય કરવું :–**

પ્રભુની પ્રાર્થના કરીને કાર્યની શરૂઆત કરીને પછી પણ એમનું સ્મરણ કરતાં કરતાં કાર્ય કરીએ તો એ એક પ્રકારનું

ધ્યાન જ બની જાય છે. ભલે, આપણા હાથ કામ કરતા હોય, પણ ચિત્તમાં ભગવાનનું સ્મરણ હોવાથી, આપણે ભગવાન સાથે સૂક્ષ્મ રૂપે જોડાયેલા રહીએ છીએ. જેનું સતત ચિંતન કરીએ, તેની ચેતના આપણી સાથે રહે છે. ભગવાન સાથે જોડાવું અને પછી તેની સાથે તદ્રુપ થવું એ તો સાધનામાં કરવાનું છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, ''તસ્માત્ સર્વેષુ કાલેસુ, મામનુસ્મર યુદ્ધ ચ.'' સર્વ સમયે તું મારું સ્મરણ કરતો રહે અને યુદ્ધ કર. યુદ્ધ લડવા જેવું, શત્રુને હણવા જેવું ભયાનક કામ પણ જો પ્રભુનું સ્મરણ કરતાં કરતાં કરવામાં આવે તો તેનાથી પણ ભગવદ્ પ્રાપ્તિ થાય છે. એમ શ્રીકૃષ્ણે ગીતામાં ભારપૂર્વક કહ્યું છે. તો પછી રોજિંદા જીવનના કાર્યો પણ જો પ્રભુનું સ્મરણ કરતાં કરતાં કરવામાં આવે, તો પછી એ કાર્ય ગમે તેવા પ્રકારનું હોય, પણ એ પ્રભુની સમીપ લઇ જનાર બની રહે છે. આ વિષે શ્રી અરવિન્દ એક સાધકને પત્રમાં જણાવે છે કે, ''યોગ માટે તમે કેટલું કાર્ય કરો છો, તે અગત્યનું નથી, પણ તમે કઇ રીતે કાર્ય કરો છો એ મહત્ત્વનું છે. કાર્યમાં જે ચેતના મૂકો છો, તે અગત્યનું છે. હંમેશા પ્રભુનું સ્મરણ કરતા રહો અને તમે જે કાંઇ કરો છો, તે પ્રભુની સંનિધિરૂપ બની રહેશે.''

નિર્મલા જ્યારે પરણીને સાસરે આવી ત્યારે સાસરામાં સખ્ખત કામ રહેતું. પતિની નોકરી બહારગામ હોવાથી, સાસરામાં તેને બધાનું કામ કરવું પડતું. ત્રણ વખત તો રસોઇ કરવી પડતી. તળાવે જઇને વાસણ માંજવાના, કપડાં ધોવાનાં, ઉપરાંત બિમાર રહેતી જેઠાણીની સેવા કરવાની. નાની વયમાં એટલો બધો કામનો બોજો આવી પડ્યો હતો, કે સામાન્ય કન્યા



તો ભાંગી પડે કે ભાગી જાય. પણ નિર્મલાએ તો કામ કરતાં કરતાં મનમાં 'હરિ બોલ, હરિ બોલ'નું સતત રટણ કરવા માંડ્યું. આ નામસ્મરણથી તેના અંતરમાં રહેલા હરિ, સર્વત્ર વ્યાપેલા, અને સર્વથી પર રહેલા હરિ એકરૂપ બની ગયા. એનું સકલ જગત હરિમય બની ગયું. પછી તો પરિસ્થિતિ પણ પલ્ટાઇ ગઇ. એમના પતિને સારા સ્થળે નોકરી મળતાં, ત્યાં જવાનું થયું. કાર્યનો ભાર થોડો હળવો થયો, પણ પછી તો એવી પરિસ્થિતિ થઇ કે નામસ્મરણ દિવસ—રાત થવા લાગ્યું. આ નામસ્મરણથી પરમાત્માના ગૂઢ રહસ્યો એમનાં હૃદયમાં પ્રગટ થવા લાગ્યાં. સમાધિ સહજ બની. મંત્રો આપમેળે પ્રગટવા લાગ્યા. તેઓ પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપ સાથે એકરૂપ એવાં શ્રીમા આનંદમયી બની ગયાં. આમ સંસારમાં રોજિંદા કાર્યો કરતાં કરતાં ઉત્કટભાવે પ્રભુસ્મરણ કરવામાં આવે તો હૃદયમાં રહેલા પ્રભુ પછી પ્રગટ થયા વગર રહી શકતા જ નથી.

પરંતુ એવું બને છે કે મનુષ્ય જ્યારે કાર્યમાં ઓતપ્રોત થઇ જાય, ત્યારે પ્રભુને ભૂલી જાય છે. ત્યારે પછી સતત સ્મરણ થઇ શકતું નથી તો શું કરવું? આવા પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ સાધકને જણાવ્યું હતું કે ''કાર્ય કરતી વખતે જો તમે શરૂઆતમાં હંમેશને માટે ઈશ્વરનું સ્મરણ રાખી શકતા ન હો તો તેમાં વાંધા જેવું કંઇ નથી. કાર્યની શરૂઆતમાં સ્મરણ કરો. કાર્ય પ્રભુને સમર્પિત કરો અને અંતમાં ઈશ્વરનો આભાર માનો. કામ અટકે ત્યારે પણ સ્મરણ કરો.'' આવી રીતે કરતાં કરતાં પછી ચેતનાની સ્થિતિ એવી બની જશે કે પછી ગમે તે કામ કરતાં

હોઈએ તો પણ આંતરચેતનામાં પ્રભુનું સ્મરણ ચાલુ રહેશે. આ વિષે માર્ગદર્શન આપતાં શ્રી અરવિન્દે સાધકને જણાવ્યું હતું કે, "કર્મને સાધનાના એક ભાગ તરીકે લેવું જોઈએ. પરંતુ જ્યારે તમે કામ કરતા હો, ત્યારે તમારે કાર્ય વિષે જ વિચાર કરવો પડતો હોય છે. તમે એક કરણ તરીકે યૌગિક ચેતનામાંથી કાર્ય કરતા શીખી જશો ત્યારે તમે પરમાત્માનું સતત સ્મરણ રાખી શકશો." આમ શરૂઆતમાં ભલે સતત સ્મરણ ન થાય. તો પણ જ્યારે યાદ આવે ત્યારે પ્રભુને યાદ કરીએ અને એ રીતે પ્રભુ સાથેનો નાતો દૃઢ થવા લાગશે અને પછી તો તેમનું વિસ્મરણ જ મુશ્કેલ બની જશે!

(૩) **કર્મને સાધનાના ભાગ રૂપે લેવું :–**

સાધના એટલે નિશ્ચિત ધ્યેયની પ્રાપ્તિ માટે મનુષ્યે પોતે પોતાના માટે નક્કી કરેલી આચારસંહિતા. આ નિશ્ચિત ધ્યેય જો પ્રભુ હોય તો તેની પ્રાપ્તિ માટે વ્યક્તિ જે પ્રક્રિયાને અનુસરે તે છે તેની સાધના. જ્યારે આ સાધનાના ભાગરૂપે કર્મને ગણવામાં આવે છે, ત્યારે આ કર્મ કોઈ વિશિષ્ટ પ્રકારનું નથી હોતું, કર્મ તો એ જ હોય છે, પણ એની પાછળનું વલણ વિશિષ્ટ હોય છે. સામાન્ય રીતે મનુષ્ય પોતાના માટે, પોતાની ઈચ્છાઓની પૂર્તિ માટે કાર્ય કરતો હોય છે. આથી આ કાર્યો નિશ્ચિત પરિણામ મેળવવાની આકાંક્ષા રહેલી હોય છે. એટલે જો તેમાં સફળતા મળે તો આનંદ થાય છે, નિષ્ફળતા મળે તો દુઃખ થાય છે. વળી આ કાર્ય સાથે અહંકાર જોડાયેલો હોવાથી, 'આ મેં કર્યું' એવી ભાવના હોવાથી બીજાઓને બતાવવાની વૃત્તિ, પ્રશંસા, કીર્તિ મેળવવાની ઈચ્છા વગેરે પણ રહેલાં હોય છે. આવાં કાર્યો



સામાન્ય રીતે રાજસિક કામનાઓની પૂર્તિ માટે થતાં હોય છે. આથી તમસ અને રજસ નો પ્રભાવ આવાં કાર્યોમાં રહેલો હોય છે. પણ જ્યારે કર્મ એ સાધનાના ભાગ રૂપે બને છે, ત્યારે એની પાછળનો ભાવ બદલાઈ જતાં, એ કાર્ય સાથે સંકળાયેલા નિમ્નજગતના અહંકારના, તમસ અને રજસના સત્ત્વો ધીમે ધીમે વિલિન થઈ જાય છે. આ સંદર્ભમાં શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે, "હું જ્યારે કર્મની વાત કરું છું ત્યારે મને જે અભિપ્રેત છે, તે છે, ઈશ્વરને ખાતર કરવામાં આવતું કર્મ...આત્મસમર્પણ કોઈ એક પ્રકારનું કાર્ય કરો છો, તેના ઉપર નહીં, પણ બધાં જ કાર્યો તમે કઈ ભાવનાથી કરો છો, તેના ઉપર આધાર રાખે છે. યજ્ઞની ભાવનાથી સાવધાનીપૂર્વક કરવામાં આવેલું કોઈપણ કાર્ય કર્મ દ્વારા કરાતા આત્મસમર્પણનું સાધન બની રહે છે. અહંકાર, ઈચ્છાઓનો ત્યાગ, સમતાપૂર્વક, અનુકૂળતા અને પ્રતિકૂળતામાં સ્વસ્થ રહીને અંગત ફળ કે પરિણામની આશા વગર થતાં કર્મ દ્વારા કર્મયોગ સધાય છે." અહીં કર્મ તો છે, ભગવાનની સેવા અને એમના પ્રત્યેના આંતરિક ઉદ્ઘાટનનું ક્ષેત્ર. શ્રી માતાજીએ પણ એક સાધકને માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે, "નાનામાં નાનું કાર્ય પણ જો સાચા વલણથી કરવામાં આવે તો તે પ્રભુ પ્રત્યે દોરી જાય છે." બીજા એક સાધકને પણ તેમણે આ સંદર્ભમાં કહ્યું હતું કે "તમારું કાર્ય એ જ તમારી સાધના છે. તમારાં કાર્યને સમર્પણની ભાવનાથી કરવાથી તમે સહુથી વધારે પ્રગતિ કરી શકશો."....હું કાર્ય અને યોગ વચ્ચે કોઈ જ તફાવત જોતી નથી.

# ભક્તિ અને સ્ત્રીઓ

—પૂજ્ય શ્રીદયાનંદતીર્થ(દાસાનુદાસ)

બૈરાંઓથી ૐનો ઉચ્ચાર ન થાય, ગાયત્રી ન થાય, આવી આવી શંકાઓને લીધે ખરું ભજન થતું નથી. નાહવાધોવાના બાહ્યાચારમાં સમય ચાલ્યો જાય છે, ભક્તિને માટે સમય મળતો નથી. શરીરનો તો ખ્યાલ જ ન રહે ત્યારે ભક્તિ થશે. દેહભાવને ભૂલવાનો છે, દેહભાવનો નાશ કરવાનો છે. નાહ્યા કરનાર શરીરનો નાશ જ થવાનો છે. ભંગીને અડીને નાહવાની જરૂર નથી, ભલે તે ટોપલો લઈને જતો હોય. તમારા પેટમાં ટોપલો છે તે તેને માથે છે. તમારું ધ્યાન ટોપલામાં છે. તેમાં પણ હું છું ને. મને—ભગવાનને, તમારે ત્યાં આવતા ક્ષોભ થઈ જાય છે. હું કાંઈ ચતુર્ભુજ સ્વરૂપે નહીં આઉં, વિચિત્ર સ્વરૂપે આઉં છું. ભંગીના સ્વરૂપે પણ આઉં છું. તમે બધાં જગતમાં મારું સ્થાન જ રહેવા દેતાં નથી. જ્યાં માયા છે ત્યાં તેનું સ્થાન હોય જ નહીં.

ભગવાન તો સર્વત્ર છે પછી આભડછેટ ક્યાં રહી! તમારે બેસી જવાનું છે, ભજનમાં. 'ગીતા'માં પચીસવાર નાહવાનું ક્યાંય નથી કહ્યું. ગમે તે માણસ ભક્તિ કરી શકે છે. છઠ્ઠા અધ્યાયમાં પણ ભગવાન આ વાત કહી ગયા છે. જેને જે જપ કરવો હોય તે કરી શકાય. બધાય બારાખડીના અક્ષરો છે. કોઈ પણ નામ લઈ શકાય. છોકરું અઘેલું હોય તોપણ માને વળગી પડે છે. છોકરું તો ગંદું રહેવા જ સરજાયેલું છે, અઘેલું હોય, લીંટવાળું હોય પણ મા જ સાફ કરશે તમે તમારે એં એં રડવાનું ચાલુ રાખો. માને છોકરા—છોકરીમાં કંઈ ભેદ નથી. છોકરી તો



માને ઊલટી વધારે વહાલી છે. છોકરી એટલે સ્ત્રીઓ. અને શૂદ્રો તો હાથપગ છે તેને કંઈ કાપી નખાય! બ્રાહ્મણ માથું છે, પણ પગ કાપીને કંઈ માથું રખાશે? નામજપનો અધિકાર સર્વને છે. ગાયત્રી તો સ્ત્રીનું જ સ્વરૂપ છે, સ્ત્રીથી શું કામ ન થાય! 'ૐ' ને 'રામ'માં કંઈ ફરક નથી. સ્ત્રી, પુરુષ, ભંગી, બ્રાહ્મણ, પશુ, બધામાં હું વ્યાપ્યો છું, એ જ ખરી દૃષ્ટિ છે; બાકીની ભેદદૃષ્ટિ. ભેદદૃષ્ટિથી જુઓ પછી ગંગામાં નાઓ, યમુનામાં નાઓ, 'ગીતા', 'મહાભારત', 'ઉપનિષદ' આદિ વાંચો પણ શાંતિ નહીં મળે. શાંતિ માટે બધામાં સમભાવ કેળવવો પડશે. મારામાં કોઈ ઊંચાનીચા નથી, હું સર્વત્ર વ્યાપ્ત છું. નીચે પણ હું જ છું. કોઈની નીચે તરીકે અવગણના કરીને તમે મને જ નીચો ગણો છો. હજી તમારી ભેદદૃષ્ટિ ગઈ નથી. માતાનો ભક્ત શિવભક્તને નીચો ગણે. જો તારાથી બધામાં બેસાય નહીં તો મારે (ભગવાનને) પણ તને અડકીને નાહવું પડે. તારા સંડાસમાં હું કેમ આઉં? દીવાનખાનું હોય તો આવું ને! નહીંતર નહીં જ આઉં. મારી પ્રતિજ્ઞા છે તે સમજવી જોઈએ.

જેને જે ભગવાન પર શ્રદ્ધા હોય તેને તે વળગે. શાસ્ત્રોમાં બધાંને ભક્તિનો અધિકાર છે, ન હોય તો તે શાસ્ત્ર ખોટું છે. શાસ્ત્રમાં જો ભેદભાવ હોય તો તેને ખાસડું મારો. જે મહાત્મામાં આવો ભેદ દેખાય તે મહાત્મા નથી. શાસ્ત્ર આવું કહે તો તે શાસ્ત્ર નથી. આ બધા ભેદ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી તેની કૃપાનો વરસાદ જે વરસી જ રહ્યો છે તેનો અનુભવ ન થાય. હૃદયમાં મળ છે, જાતજાતના વિક્ષેપ છે ત્યાં સુધી અનુભવ ન થાય. સર્વત્ર વ્યાપ્ત છે તેને પૂજો, નવરાવો. હૃદય શુદ્ધ છે ત્યાં ભગવાનનો વાસ છે. બૈરાંઓને આપણે કચડી મૂક્યાં છે,

ભજનમાં તેને બંધન કરે છે. તેણે તો છોકરાં રમાડ્યાં કરવાં. રાંધ્યા કરવું, ખરું ને! ભજન કરતા પહેલાં સ્ત્રીને રજા માગવી પડે અને મોઢું ચડાવીને રજા આપશે. સ્ત્રી એટલે ગુલામ એમ સમજીને બધા બેઠા છે.

બીજાને ગુલામ બનાવે તેનાથી ભક્તિ ન થાય. જે માણસ સ્ત્રીમાં નારાયણ ન જુએ તે ભક્તિ કેમ કરશે! વરમાં પણ નારાયણને જુઓ. યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે ને બદલે 'તાડ્યન્તે' જેવા શ્લોકો ટંકાય છે. મનુ ભગવાન તો સ્પષ્ટ ના કહી ગયા છે. તમે વિરુદ્ધ વર્તન કરશો, પૂજવાને બદલે તાડનનું, તો સંતાન કેવાં પાકશે? પુરુષ તો વહેવારમાં પડ્યો છે, ધન લુટાઇ જાય માટે સુરક્ષિત રાખવા ભક્તિ કરે છે. સ્ત્રીઓને પુરુષની જેટલો જ અધિકાર છે, જરાય ઓછો નહીં. ભગવાનને ઘેર ભેદ નથી. સ્ત્રી એ સ્ત્રી જ નથી. શરીર સ્ત્રીનું છે. આવા ભેદો છોડી દેવા જોઇએ. ભગવાનની નજરમાં ભેદ નથી પણ સામાના ભેદ તોડવા માટે સ્ત્રીપુરુષનો ભેદ આ શ્લોકમાં દર્શાવ્યો છે. ભેદને ભેદથી કપાય. બીજાની નજરે જોવું જોઇએ ને! સ્ત્રી પણ પાર્લમેન્ટનો મેમ્બર કે વડોપ્રધાન થઇ શકે છે. ગાંધીજી, રામકૃષ્ણ વગેરે પણ સ્ત્રીઓના પેટે જ પાક્યા હતા. આપણે આજે 'ગીતા' ભૂલી ગયા છીએ. રેશમી વસ્ત્રોમાં લપેટીને 'ગીતા'નું પૂજન કરીએ છીએ. પણ તેના કહેવા મુજબ વર્તન કરતા નથી, ઊલટા અર્થ કરીને વિષયોને પોષીએ છીએ. શૂદ્રને, ભંગીને મંદિરમાં પેસવા ન દઇએ. તેને શું કથા સાંભળવાનો અધિકાર નથી? હવે લોકો સમજતા થયા છે. અહીં જો ભંગી આવે તો બેસાડવો જ જોઇએ ને! માથા સાથે સારો વહેવાર ને પગ સાથે નહીં એ કેમ ચાલે! જે શૂદ્રો પર બધો આધાર છે, તે



આપણા પગ છે, તે પગને શું કાપી નંખાય, તેને શુદ્ધ રાખવા જોઇએ. પગનો તિરસ્કાર થઇ રહ્યો છે તે ખોટું છે. કુંતિ ને દ્રૌપદી સ્ત્રીઓ જ હતી ને! ઝાંસીની રાણી પણ સ્ત્રી જ હતી ને! આ ગતિ તરફ સ્ત્રીઓનું લક્ષ જ નથી. થોડું થોડું ભજન કરે છે. સ્ત્રીઓના અધિકાર બાબત સ્ત્રીઓએ સંશય ન રાખવો. સ્ત્રીઓને જ્યાં આમ બંધનમાં રાખો તે દેશની ખરાબ સ્થિતિ થાય. ઈશ્વરની ભક્તિમાં કોઇને પણ ના નથી જ.

મંગલવેડામાં કાનોપામા નામે એક સ્ત્રી થઇ ગઇ. તે શ્યામા નામની વેશ્યાની પુત્રી હતી. ઉંમરલાયક થઇ એટલે મા તો તેને પોતાના ધંધામાં જ નાખવા પ્રયત્ન કરવા લાગી. પણ પૂર્વસંસ્કારને કારણે કાનોપામા ફસાઇ નહીં. માએ કહ્યું કે 'તું પરણી જા.' મને યોગ્ય હશે તો હું પરણીશ એમ માને જવાબ આપ્યો. એકવાર વારકરી મંડળી સાથે પંઢરપુર ગઇ. ત્યાં નિશ્ચય કર્યો કે 'વિઠ્ઠલ જ મારો વર'. હવે તો ભજનમાં જ રહેવા લાગી. પંઢરપુરમાંથી પાછી પોતાના ગામમાં જ ન ગઇ. કાનોપામા સ્વરૂપવાન હતી, યુવાન હતી. તે વખતે ત્યાં કોઇ મુસલમાન સ્ટેટ(રાજ્ય) હશે. નવાબે હુકમ કર્યો કે કાનોપામાને રાણીવાસમાં લાવો. હું તેની સાથે લગ્ન કરીશ. પોલીસોને કાનોપામાને પકડવા મોકલ્યા. કાનોપામાએ કહ્યું કે મારો વર તો વિઠ્ઠલ જ છે. જબરજસ્તીથી તેને લઇ જતા હતા ત્યાં રસ્તામાં વિઠ્ઠલનું મંદિર આવ્યું. કાનોપામાએ દર્શન માટે મહામુશ્કેલીએ પોલીસો પાસેથી રજા મેળવી ને મંદિરમાં ગઇ. બહાર મુસલમાનો તેની રાહ જોઇને ઊભા રહ્યા. કાનોપામાએ પ્રાર્થના કરી કે હું તારા શરણમાં આવી ગઇ છું. મારાથી કંઇ નહીં થાય. ભગવાને તરત જ તેને શરણમાં લઇ લીધી.

કાનોપામાના પાંચ અભંગો બહુ જ પ્રસિદ્ધ છે, 'મૈં દીન પતિત અન્યાયી', 'પતિત તૂ પાવના', 'અંગ વૈકુંઠાયે રાયા', વગેરે. આ અભંગો કાનોપામાએ મંદિરમાં ગાયા ને અખંડ સમાધિ થઇ ગઇ, ભાવમાં ચાલી ગઇ. આવા ભક્તોનું સ્થાન કંઇ અહીં હોય! સમાજ જેને અતિશય ખરાબ કહે એવી વેશ્યાની પુત્રી હતી, સ્ત્રી હતી. ઈશ્વરનું ભજન કરવા લાગે પછી બંધન જ ન રહે. મારાં છોકરાંને મારે જ શરણમાં લેવાં જોઇએ.

નવાબને મળ્યું કાનોપામાનું શબ, કાનોપામાના અભંગો સરસ છે, ભાવ વગરનો માણસ ગાય તેને પણ ભાવ પ્રગટે. કહે છે કે 'માઝા અધિકાર નહીં' છતાં (દર્શન) 'ભેટ તો આપવી જ પડશે.'

સાક્ષાત્ દર્શન આપીને પોતામાં સમાવી દીધી. દૃઢ નિષ્ઠા રાખો.

મત્પરાયણ થવામાં પ્રથમ મુશ્કેલી શરીરની છે. શરીરનો ભાવ, દેહભાવ એ જ મુખ્ય મુશ્કેલી છે. શરીરની વાત આવે ત્યારે બધા ગભરાય. શરીરને જ સેવક બનાવવું છે, અંદર તો બેઠો છે. શરીરને આત્માના શરણમાં મૂકવું તે મત્પરાયણ. પોતાના શરીરને માટેના ભોગો, ઠાઠમઠારા કાઢવા પડશે. આત્માની સેવા તે જ ભક્તિ. શરીરનો ભાવ છોડવો જ પડશે. પ્રથમ શુદ્ધ વહેવાર, પછી ભક્તિ. ભક્તિ કરતાં કરતાં ઉદાસીનભાવ, વૈરાગ્ય ભાવ આવશે, વૈરાગ્યથી વિવેક અને વિવેક પછી જ્ઞાન થાય.



# જૈન સાધુઓ વિષે આટલું જાણો

—પૂ.હેમચંદ્રસૂરિ મહારાજ

○ જૈન સાધુ એક સ્થાને કાયમ રહેતા નથી.

○ તેઓ કોઇ વાહનનો ઉપયોગ નથી કરતા, પણ પદયાત્રા કરે છે.

○ તેઓ સ્ત્રી અને પૈસાનો સ્પર્શ પણ કરતા નથી.

○ તેમનું કોઇ ઘર, જમીન, દુકાન વગેરે હોતું નથી.

○ ટી.વી. ફ્રીજ વગેરે સાધનોનો પણ તેઓ ઉપયોગ કરતા નથી.

○ તેઓ દર છ મહિને માથાના અને દાઢી—મૂંછના વાળ ખેંચી કાઢે છે, પણ કાતર/અસ્ત્રાથી હજામત કરાવતા નથી.

○ તેઓ સમગ્ર જીવન જીવદયા, શાસ્ત્રાભ્યાસ, ધ્યાન અને પરોપકાર આદિમાં વીતાવે છે.

○ દુકાળ, પૂર, ધરતીકંપ વગેરે કુદરતી આફતોના સમયે જૈન સાધુઓના પ્રેરક પ્રવચનોથી લાખો—કરોડો રૂપિયાના રાહત—કાર્યો થાય છે. જેમાં ધર્મ—જાતિ વગેરેનો કોઇ ભેદભાવ રાખવામાં આવતો નથી.

○ ગરીબી, બેકારી વગેરેથી પીડિત જનોને ભોજન, અનાજ, કપડાં, ધાબળા, દવા વગેરેનું મોટા પાયે વિતરણ જૈન સાધુઓની પ્રેરણાથી થાય છે.

○ દર રવિવારે હજારો ભિક્ષુકોને પેટ ભરીને જમાડવામાં આવે છે. જેના મૂળમાં જૈન સાધુઓની પ્રેરણા કાર્યશીલ છે.

○ આ કાળમાં પણ આવા સંતોના દર્શન થવા, એ આપણું

પરમ સૌભાગ્ય છે. આપણે એમને આદરથી પ્રણામ કરીએ. એમના આશીર્વાદથી આપણું નિશ્ચિત કલ્યાણ થશે.

૦ પગપાળા આ સંતો વિહાર કરતા હોય, ત્યારે આપણા વાહનોને આપણે દૂરથી હંકારીએ. ખૂબ સાવધાની રાખીએ, જેથી તેમને ઈજા કે તકલીફ પહોંચાડવાનું મહાપાપ આપણાથી ન થાય.

૦ નશામાં કે સુસ્તીમાં વાહન ન હંકારીએ, જેથી ભૂલમાં પણ આવા સંતોને ઈજા પહોંચાડવાનું મહાપાપ આપણાથી ન થાય.

૦ સંતોને બચાવો. તેઓ જ આપણા ખરાં રત્નો છે, આપણી ખરી સંપત્તિ છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ચરણ ચિહ્નનું શરણ

**સ્વામી રામસુખદાસજી**

ઘણીય ઘેટી-બકરીઓ જંગલમાં ચરવા ગઇ. તેમાંથી એક બકરી ચરતાં-ચરતાં એક લત્તામાં ફસાઇ ગઇ. તેને તે લત્તામાંથી નીકળવામાં ઘણી વાર લાગી. ત્યાં સુધી બીજી બધી ઘેટી-બકરીઓ પોતાને ઘેર પહોંચી ગઇ. અંધારું પણ થઇ ગયું હતું. બકરી ફરતાં-ફરતાં એક સરોવરના કિનારે પહોંચી. ત્યાં કિનારાની ભીની જમીન પર સિંહનું એક ચરણ ચિહ્ન મઢેલું હતું. તે પહેલા ચરણ ચિહ્નને શરણે થઇને તેની પાસે બેસી ગઇ રાત્રે જંગલી શિયાળ, વરુ, વાઘ વગેરે પ્રાણીઓ બકરીને ખાવાને માટે પાસે જાય છે તો બકરી બતાવી દે છે– પહેલાં જોઇ લે કે હું કોના શરણમાં છું પછી મને ખાજે! તેઓ ચિહ્નને જોઇને કહે-અરે આ તો સિંહના ચરણ ચિહ્નને શરણે છે. જલદી ભાગો અહીંયાથી! સિંહ આવી જશે તો આપણને મારી નાખશે. આ રીતે બધા પ્રાણી ભયભીત થઇને ભાગી જાય છે. અંતમાં જેનું ચરણ ચિહ્ન હતું તે સિંહ જાતે આવ્યો અને બકરીને બોલ્યો તું જંગલમાં એકલી કેવી રીતે બેઠી છે? બકરીએ કહ્યું આ ચિહ્ન જોઇ લેવાનું પછી વાત કરવાની. જેનું આ ચરણ ચિહ્ન છે તેને શરણે હું બેઠી છું. સિંહે જોયું ઓહ! આ તો મારું જ ચરણ ચિહ્ન છે. આ બકરી તો મારે શરણે થઇ! સિંહે બકરીને આશ્વાસન દીધું કે હવે તારે ડરવું નહિ, નિર્ભય થઇને રહે.

રાત્રે જ્યારે પાણી પીવાને માટે હાથી આવ્યો તો સિંહે હાથીને કહ્યું- તું આ બકરીને તારી પીઠ પર ચઢાવી લે. એને

જંગલમાં ચરવીને લાવ્યા કર. અને હરદમ તારી પીઠ પર જ રાખ્યા કર. નહિ તો તું જાણતો નથી. હું કોણ છું? મારી નાખીશ! સિંહની વાત સાંભળીને હાથી થર થર કાપવા લાગ્યો તેણે પોતાની સૂંઢથી ઝટ બકરીને પીઠ પર ચઢાવી લીધી. હવે તે બકરી નિર્ભય થઇને હાથીની પીઠ પર બેઠી. બેઠી જ વૃક્ષોની ઉપરની કૂંપળો ખાધા ફરતી અને મસ્ત રહેતી

***ખોજ પકડ સૈઠે રહો. ધણી મિલેંગે આય***
***અજ્યા ગજ મસ્તક ચઢે. નિર્ભય કોયલ ખાય***

એવી જ રીતે જ્યારે મનુષ્ય ભગવાનને શરણે થઇ જાય છે. તેમના ચરણોનો સહારો લે છે તો તે તમામ પ્રાણીઓથી વિઘ્ન–બાધાઓથી નિર્ભય થઇ જાય છે. તેને કોઇપણ ભયભીત નથી કરી શકતું. કોઇ પણ કાંઇ બગાડી નથી શકતું.

''મા'' એ ભારતમાં જીવતી જાગતી સંસ્કાર વિદ્યાપીઠ છે. માણસાઇના સંસ્કાર મેળવવા આના જેવી કોઇ વિદ્યાપીઠ નથી.

પોતાના દુઃખમાં અન્યને જવાબદાર ઠેરવે એ અજ્ઞાની છે, પોતાના કર્મોને જવાબદાર ઠેરવે એ જ્ઞાની છે.

ઈશ્વર એટલે એવું એક વર્તુળ, જેનું કેન્દ્ર સર્વત્ર હોય છે, પણ તેનો પરિઘ ક્યાંય હોતો નથી.



# સર્વોત્તમ સંપત્તિ પામવાનો સરસ માર્ગ

**મણીલાલ નથુભાઇ દોશી**

જે મનુષ્ય સત્યનિષ્ઠ અને પ્રમાણિક છે, જેણે એવા ઉપદેશનું રહસ્ય સમજવા પ્રયત્ન કર્યો છે, તે તો જરૂર તેની સત્યતા અને ક્યા નિયમો પર એ ઉપદેશનો આધાર છે, તે પણ સમજ્યા વિના રહેશે નહિ.

હું એવા મનુષ્યોના પરિચયમાં આવ્યો છું કે, જેમણે અનંત ચૈતન્યમાં તન્મયતા અનુભવેલી છે; જેઓ તે અનંત ચૈતન્યરૂપ પરમાત્માની પ્રેરણા પ્રમાણે જ જીવન ગાળે છે તથા પરમ સત્યના જ્વલંત દૃષ્ટાંતરૂપી થઇ રહ્યા છે; અર્થાત્ તેમને માત્ર પ્રેરણાઓ જ મળે છે એમ નહિ; પરંતુ તેમનું જીવન પણ તે પ્રેરણાઓ પ્રમાણે ચાલ્યા કરે છે. જે કોઇ અનંત જીવનરૂપ પરમાત્મા સાથેની પોતાની એકતાનો યથાર્થ ખ્યાલ લાવી તદનુસાર જીવન ગાળી શકે છે, તે જ પરમ સ્વરાજ્યનો અનુભવ કરી શકે છે; અને એવાઓને જ સર્વ આવશ્યક વસ્તુઓ આપોઆપ આવી મળે છે. કોઇ પણ ચીજની તેમને ઓછપ નડતી નથી; શું કરવું અથવા કેવી રીતે કરવું તેની તેમને ચિંતા કરવી પડતી નથી; તેઓ નચિંતપણે જીવન ગાળે છે; અને સર્વજ્ઞ અનંત શક્તિ તેમની માર્ગદર્શક હોવાથી તેઓને કોઇ પણ જાતની જોખમદારી રહેતી નથી, આવા પ્રભુમય બની ચૂકેલા જીવન્મક્ત મહાત્માના ગુણોનું કેટલું વર્ણન કરવું? જો આવા મહાપુરુષોનો અને એમાં પણ ખાસ કરી જે બે–ત્રણ પુરુષોનો ખ્યાલ આ (મૂળ) લખનારને આ પળે જ આવે છે, તેમનો

જીવનક્રમ આ સ્થળે સવિસ્તર આપવામાં આવે, તો કેટલાકને તો તે ચમત્કારરૂપ અથવા તો અવિશ્વાસયોગ્ય જ ભાસે; પરંતુ આ વાત સ્મરણમાં રાખવી ઘટે છે કે, જે કામ એક મનુષ્ય કરી શકે તે બીજો પણ કરી શકે; કેમ કે દરેક મનુષ્ય પરમાત્માના અંશરૂપ અને તેમની સાથે સંબંધવાળો છે. જો મનુષ્ય એ પરમાત્મતત્ત્વ સાથે અને શ્રેષ્ઠ નિયમોની સાથે પોતાની એક્તા સમજી તદનુસાર જીવન ગાળે, તો તેનું—અને બધા તેમ કરે તો દરેક મનુષ્યનું—જીવન તેવા જ પ્રકારનું થઈ શકે તેમ છે. આખા જગતમાં વ્યાપી રહેલા એ પરમ દિવ્ય પ્રવાહમાં પ્રવેશવા માટે જ આ માનવ જીવન છે. મનુષ્ય એ દિવ્ય જીવનપ્રવાહમાં દાખલ થાય એટલે તેને પોતાની જિંદગી બોજારૂપ લાગતી નથી. જેમ ભરતી—ઓટ નિયમિત રીતે થયા કરે છે, જેમ બધા ગ્રહો આપોઆપ પોતાના અમુક ચક્રમાં ફર્યા કરે છે, જેમ ઋતુઓ એક પછી એક આવ્યા કરે છે, તેવી જ સ્વાભાવિક રીતે એવા મનુષ્યનું જીવન ચાલ્યા કરે છે.

આપણા જીવનમાં સર્વ પ્રકારના કલેશ—કંકાસ, શંકાઓ, વ્યાધિઓ, દુઃખ, ભય, ચિંતા, હાડમારીઓ વગેરે આવે છે; તેનું મુખ્ય કારણ એ જ હોય છે કે, આપણે દિવ્ય ક્રમાનુસાર આપણું જીવન ગાળતા નથી; અને જ્યાં સુધી આપણે હાલની પેઠે જ આપણું જીવન ચાલુ રાખીશું, ત્યાં સુધી તો એવાં દુઃખો આવ્યાં જ કરવાનાં. દિવ્ય જીવનપ્રવાહની વિરુદ્ધ વર્તવું એ જ કઠિન હોઈ તે પ્રવાહની સાથે ચાલવાથી તો ઊલટો તે મહાન શક્તિનો આપણને લાભ મળે છે. આ પ્રમાણે આ કામ તો ઊલટું સરળ અને નિર્ભય છે. અનંત જીવન સાથેનું **આપણું ઐક્ય અનુભવવું**



**એનું જ નામ દિવ્ય જીવન અથવા પ્રભુમય જીવન છે.** આ અનુભવ કરવાથી આપણી આસપાસની સર્વ વસ્તુઓ સાથે—પરમ ધામ અને અખિલ બ્રહ્માંડની સાથે આપણે અનુકૂળ સંબંધમાં આવીએ છીએ; તથા આપણા આત્મા, અંતઃકરણ અને શરીરની વચ્ચે એકવાક્યતા વ્યાપી રહે છે. જ્યારે આવી સ્થિતિ થાય છે, ત્યારે જ પૂર્ણ અને સર્વાંગ જીવનનો આપણને અનુભવ થાય છે આ સ્થિતિ થઈ એટલે પછી જડ ઇંદ્રિયોનું રાજ્ય આપણા ઉપર ચાલી શકશે નહિ. સ્થૂળ જીવન માનસિક જીવનને વશ થશે અને માનસિક જીવન ઉપર આત્મિક જીવન પ્રકાશ પાડી તેને વશ કરી શકશે. આપણામાં જે કાંઈ જીવનની અપૂર્ણતા અને એકદેશીયપણું હશે, તે પણ એથી ચાલ્યાં જશે; અને શારીરિક, માનસિક તથા આત્મિક જીવનનો તેની સુંદરતા તથા નિરંતર વધતા જતા આનંદ અને શક્તિઓ સહિત આપણને અનુભવ થશે, તથા જીવનના પ્રશ્નનો નિકાલ લાવનાર એ જ એક ધોરી રસ્તો છે, એવું પણ આપણને ભાન થશે. **શરીરને કેવળ કષ્ટ આપવાથી અથવા તો શરીરનું લાલન—પાલન કરવાથી આ માર્ગ જડશે નહિ.** આ જગતમાં દરેક વસ્તુ ઉપયોગી છે; પણ તેનો ડહાપણપૂર્વક ઉપયોગ કરવો ઘટે છે. જેમ જેમ આપણે આપણાં તન અને મનનો સદુપયોગ કરતા જઈએ છીએ, તેમ તેમ આપણને ઉચ્ચ અનુભવો મળતા જાય છે અને તેથી આપણી શક્તિઓ ઓછી થતી નથી; પણ ખીલતી જાય છે. જેમ જેમ આપણા શરીરમાંથી કનિષ્ઠ પરમાણુઓ ઓછા થાય છે અને જેમ જેમ ઉચ્ચ પ્રકારના પરમાણુઓ તેનું સ્થાન લે છે, તેમ તેમ આપણી બધી ઇંદ્રિયો સૂક્ષ્મ આંદોલનો

ગ્રહણ કરવા વધારે લાયક બને છે અને શક્તિઓ આપણામાં હોવાનો આપણને ખ્યાલ પણ નથી હોતો, તે શક્તિઓ અનુભવાવા લાગે છે. આ પ્રમાણે સ્વાભાવિક રીતે ઇંદ્રિયાતીત જીવનનો આપણને અનુભવ થાય છે અને ઉચ્ચ નિયમો તથા સત્યની વિવિધ બાજુઓ આપણી આગળ પ્રત્યક્ષ થાય છે. આ પ્રમાણે ઇંદ્રિયાતીત જીવન અને ઉચ્ચતમ દશાઓનો અનુભવ થયો એટલે પછી અમુક મનુષ્યમાં અમુક શક્તિઓ કે જ્ઞાન હતું કે નહિ, એવી બાબતોની તકરારમાં વખત ગુમાવવાનું આપણે છોડી દઇએ છીએ; કારણ કે આપણે પોતે જ તે જ્ઞાન અને શક્તિઓનો અનુભવ કરી શકીએ છીએ. આ પ્રમાણે થવાથી હવે આપણે કેવળ બીજાના જ કહેવા મુજબ લોકોને દોરવશું નહિ; પણ આપણાં જ જ્ઞાન અને અનુભવપૂર્વક બોલીશું અને તેથી પૂર્ણ સત્તા સાથે બોલીશું. દુનિયામાં ઘણી વસ્તુઓ એવી છે કે, જ્યાં સુધી આપણે અમુક પ્રકારનું જીવન ગાળી તે વસ્તુઓ પ્રત્યક્ષ થાય એવી સ્થિતિમાં આપણી જાતને મૂકીએ નહિ, ત્યાં સુધી તે વસ્તુઓ આપણે જોઇ શકીએ જ નહિ.

'જે પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલશે તે જ પ્રભુનો સિદ્ધાંત સમજી શકેશે.' મહા તત્ત્વજ્ઞાની પ્લોટીનસે કહ્યું છે કે, **'જે મન પ્રભુને જાણવા—પામવા ઇચ્છતું હોય તેણે પ્રભુમય બનવું જોઇએ.'** જેટલા પ્રમાણમાં આ ઉચ્ચ નિયમનું અને પરમ સત્યનું આપણે દઢ જ્ઞાન થશે, તેટલા પ્રમાણમાં આપણે પણ જ્ઞાની બની પરમાત્માની પ્રણાલિકારૂપ—સાધનરૂપ—હથિયારરૂપ થઇશું, કે જેના દ્વારા બીજાઓ પણ તે નિયમો અને સત્યને જાણી શકે.

આ પ્રમાણે પરમ ચૈતન્યરૂપ પરમાત્માનો અનુભવ થયા



પછી તે મનુષ્ય જ્યારે જ્યારે કોઇ પણ સ્થળે જાય છે અને જુદા જુદા મનુષ્યોના સંબંધમાં આવે છે, ત્યારે ત્યારે સર્વમાં એવા પ્રકારની પ્રેરણા ઉત્પન્ન કરે છે કે, જેના બળથી તેઓને પોતામાં એક પ્રકારની શક્તિઓ કામ કરતી હોય છે, તે જ પ્રકારનો પ્રભાવ આપણે ચોતરફ અને પ્રત્યેક ક્ષણે ફેલાવ્યા કરીએ છીએ. જેવી રીતે પુષ્પમાંથી સુગંધ ફેલાય છે, તેવી રીતે આપણામાંથી એક પ્રકારની સારી યા નરસી અસર ચોતરફ ફેલાયા કરે છે. ગુલાબનું પુષ્પ સર્વ દિશાએ પોતાની સુગંધ ફેલાવે છે અને તેની સમીપમાં આવનાર સર્વને તે સુગંધની અસર થવાથી આનંદ અને પ્રોત્સાહન મળે છે; અને એક ખરાબ છોડવો ચોતરફ દુર્ગંધ ફેલાવી તેની પાસે વધુ વખત રહેનારને માંદો પાડે છે અથવા ગાંડો બનાવે છે; તે જ પ્રમાણે મનુષ્યનું જીવન પણ જેમ ઉચ્ચ પ્રકારનું હોય છે, તેમ તે ચોતરફ પ્રોત્સાહન આપનારાં અને લાભદાયી આંદોલનો ફેલાવે છે; અને મનુષ્યનું જીવન જેમ અધમ હોય, તેમ તે પોતાના સંબંધમાં આવનારને નુકસાનકારક આંદોલનો પહોંચાડે છે. આવી રીતે દરેક મનુષ્ય પોતાની યોગ્યતા પ્રમાણે એક યા બીજા પ્રકારની અસર બીજાઓ ઉપર અવશ્ય કરે છે.

એક જ સારી દવા હઠીલા રોગમાં રાહત અપાવી શકે છે. દક્ષિણ બાજુની એક જ બારી ઓરડાના બફારામાં રાહત અપાવી શકે છે. ધંધાનો એક જ સોદો વરસોની નુકસાનીમાંથી બહાર કાઢી શકે છે પરંતુ સારો એક જ શબ્દ અત્યંત મુશ્કેલી અને કઠીન લાગતા પરિવર્તનને પણ સુખદ અને સરળ બનાવી શકે છે.

પૂ.શ્રી રણછોડદાસજી મહારાજના

# પ્રેરક પ્રસંગો

**સંકલન પરમાર્થી, મૂળ લેખિકા—દમયંતી સેજપાલ**

## જો ગુણ રહિત સગુણ સોં કૈસે

મુરેના નેત્રયજ્ઞ પૂરો થયા પછી પૂજ્યશ્રીએ થોડા દિવસ મથુરામાં યમુનાકિનારે આવેલી ધર્મશાળામાં ગાળ્યા. સવારે નિત્યનિયમ, ભોજન વગેરે પતી જાય પછી પૂજ્યશ્રી, હું, કનૈયો અને રફીકડ્રાઈવર મંદિરોમાં દર્શન કરવા જઈએ. અમો આખું મથુરા અને વૃંદાવન ઘૂમી વળ્યા. શ્રી દ્વારકાધીશની હવેલીનાં, વૃંદાવનના મંદિરનાં અને યમુના તટે આવેલા કદંબ વૃક્ષમાં પૂજ્યશ્રીએ ભાવસહિત દર્શન કર્યાં. એક દિવસ ડાયરીમાં લખ્યું: 'વૃંદાવન કી તો રજ રજ મેં કૃષ્ણ ભરા હૈ.

રાત પડે એટલે નદીકિનારે જઈને બેસે. આકાશમાં ચંદ્રમા જેમજેમ ઉપર ચડતો જાય તેમ તેમ એમની પ્રસંન્નતા પણ વધતી જાય. કઈ પણ બોલ્યા ચાલ્યા વિના તેઓ શ્રી શાંત જળને જોયા કરે. કોઈક વાર આટલું જ લખી દેઃ 'કિતના શાંત વાતાવરણ હૈ! તીર્થસ્થાન કે પરમાણુઓંકા યહ પ્રમાણ હૈ.'

એક દિવસ લખ્યું : 'દેખો ઈસ યમુનાજી કે જલ કો ચાહે રામઘાટ સે નીચે ઉતારો. ચાહે વિશ્રામ ઘાટસે. નીચે પહુંચને પર એક હી જલ મિલેગા. ઉસકા સ્વાદ ભી એક હી હોગા. પાની કા કોઈ રંગ, રૂપ, આકાર નહીં હોતા. જૈસા રંગ ડાલો, જૈસે પાત્ર મેં ભરો વૈસા ઉસકા રંગ રૂપ હો જાયગા. અધિક ઠંડી મેં ઉસી



પાનીકા બર્ફ બન જાતા હૈ. સચ્ચિદાનંદ પરમાત્મા ભી ઐસે હી હૈ. ઉન્હે નિર્ગુણ સમઝો યા સગુણ. ચાહેરામ કહો. ચાહેશ્યામ, તત્ત્વ એક હી હૈ. રામ મર્યાદાપુરુષોત્તમ હૈ ઔર કૃષ્ણ લીલાપુરુષોત્તમ. જિસમેં તુમ્હારા મન રમ જાય ઉસકી નિષ્ઠાપૂર્વક પૂજા કરો.

ભગવાન સર્વદેશીય હૈ.

ઉનમેં નામ, રૂપ, લીલા, ધામ કા આધ્યારોપ હમને કિયા હૈ. સંપ્રદાય હમને બનાયે હૈ. જિસ રૂપ મેં હમ ઉન્હેં ભજેંગે ઉસી રૂપ મેં વે હમેં પ્રાપ્ત હોંગે.

ભગવદ્ પ્રાપ્તિ કે તીન રાસ્તે હૈઃ જ્ઞાન, ભક્તિ, ઔર કર્મ. તીનો હી માર્ગ આગે જાકર એક હો જાતે હૈ. ઔર સાધક કો ભગવાન કે સમીપ પહુંચા દેતે હૈ. એક ચૌથા રાસ્તા હૈ શરણાગતિકા. દીનજન હી ઉસ પર ચલ સકતે હૈ.

શરણાગતિ મેં કિસી ભી પ્રકાર કી શર્ત નહીં હોતી હૈ.

'શ્રધ્ધા ઔર વિશ્વાસ હો તો કિસી ભી માર્ગ દ્વારા હમ ઉસ ચિન્મય તત્ત્વ કી પ્રાપ્તિ કર સકતે હૈ.

ઈસકે લિયે કૌન સા રાસ્તા તુમ્હે અચ્છા લગે ઉસી કો અનન્ય નિષ્ઠા ઔર ભીવપૂર્વક અપના લો.'

મંત્રમુગ્ધ બની હું બધું વાંચતી રહી.

છેલ્લે દિવસે મથુરામાં મોટો ભંડારો કરી ચોબાઓને, પંડાઓને, સાધુઓને ભોજન કરાવ્યું.

શ્રી રામનવમીને દિવસે પ્રતિષ્ઠો મહોત્સવ થવાનો હતો. ચૈત્ર સુદ એકમથી નવમી સુદી નવાન્હપારાયણ, શ્રીરામનામ

સંકીર્તનની અખંડ ધૂન, હોમ, હવન વગેરે થયું. મહારાજભાઇ શ્રી રઘુનાથજી અને માતા જાનકીજીની મૂર્તિઓ લઇને આવી ગયા. મૂર્તિઓને પાઠશાળામાં પધરાવવામાં આવી. ત્યાં શાસ્ત્રીય મત અનુસાર એની તમામ વિધિ થતી રહી.

પ્રતિષ્ઠાને દિવસે મૂર્તિ ઊંચકીને સહુ નિજમંદિરમાં લઇ જવા લાગ્યા. ચારે બાજુ હજારો ગૃહસ્થો અને સંતોની ભીડ હતી.ધમાલ અને દોડા દોડી હતી.

મંદિરમાં મૂર્તિને યથા સ્થાને ઊભી રાખવા છતાં મનુભાઇ માયાણીનો હાથ શ્રી રઘુનાથજીના ચરણો નીચે દબાઇ ગયો. મૂર્તિને ઊંચી કરવામાં આવતાં એમણે હાથ ખેંચી તો લીધો પણ આખી હથેળી અને આંગળાં છૂંદાઇને લોહીલુહાણ થઇ ગયાં. પૂજ્ય શ્રીએ કહ્યું : ‘ઠંડે પાની મેં ભીજાકર એક ગીલા કપડા હાથ પર બાંધ દો અભી ઠીક હો જાયગા.’ પાંચ જ મિનિટ પછી મનુભાઇનો હાથ પૂર્વવત સ્વસ્થ થઇ ગયો!

બાર વાગ્યે પૂજન, અર્ચન, આરતી વગેરે થયાં. મહોત્સવ આનંદથી પતી ગયો.

આપણી સાથે કોઇએ કરેલો અન્યાય આપણે પવન, પાણી કે રેતી પર લખીને ભૂલી જવાનો છે પણ આપણા પર કોઇએ કરેલો નાનકડો પણ ઉપકાર આપણે આરસની તકતી પર લખીને સતત યાદ રાખવાનો છે.



### સ્વર્ગારોહણમાં વિકલાંગો માટેનો

# જયપુર ફૂટ કેમ્પ

–જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

આ વર્ષે સ્વર્ગારોહણમાં સને ૨૦૧૪નો જયપુર ફૂટ કેમ્પ તા.૫ માર્ચથી ૧૦ માર્ચ સુધીનો યોજાયો. જાન્યુઆરીમાં કેમ્પનું આયોજનનો શુભ આરંભ શ્રી રાજુભાઇ જાનીએ કરેલ. તેમાં મુખ્ય સહયોગ માટે જયપુરની શ્રી મહાવીર વિકલાંગ સેવા સંસ્થાને અનુકૂળ સમય પ્રમાણે તારીખો રાખવાનો હતો. માર્ચના પ્રારંભના દિવસો તેમને અનુકૂળ હતા. તે પ્રમાણે તા.૬ થી ૧૦ માર્ચ માટે નક્કી થઇ હતી.

પરંતુ તે પછી શ્રી રાજુભાઇ જાનીની આકસ્મિક બીમારીને લીધે પૂ.માને લાગ્યું કે હવે કેમ્પ મુલતવી રાખવો પડશે, પરંતુ પ્રભુકૃપાથી ફેબ્રુઆરીના અંતમાં શ્રી રાજુભાઇ સ્વસ્થ થતાં કેમ્પનું આયોજન યથાવત રાખવાનું નક્કી થયું.

કેમ્પ માટે અખબારોમાં તો કોઇ જાહેરાત આપી ન હતી. ફક્ત અધ્યાત્મના ફેબ્રુઆરીના અંકમાં કેમ્પની જાહેરાત છાપી, પરંતુ તેમાં કેમ્પનો સમય તા.૬ ને બદલે ૫ નો ભૂલથી છપાયો. એટલે જેમને જાણ હતી તે દર્દીઓ તારીખ ૫ મીએ આવ્યા. પરંતુ જાણે ભગવાને આ ભૂલ સુધારી લીધી ને કેમ્પ માટે જયપુરથી જે ભાઇઓ આવવાના હતા તે બધા એક દિવસ વહેલા આવી ગયા. આમ કેમ્પનો પ્રારંભ તા.૫મીએ જ શરૂ થઇ ગયો. અહીં આવેલ દર્દીઓમાં ૬૦ છી ૭૦ ટકા ભાઇબેનોની વિકલાંગતા તાવ આવે ને ઇંજેક્શન આપે તે પછી

પગ કામ કરતા બંધ થઇ જાય. તેના પરિણામે હતી.

નાની ઉંમરનો પ્રશ્ન તો માત્ર બૂટથી હલ થઇ જતો. આ વખતે હાથની વિકલાંગતા પણ દૂર કરવામાં આવી. આવા ૧૭ ભાઇબેનો હતાં.

આ કેમ્પમાં બે હાથ ને બે પગ પર પશુની જેમ ચાલતાં ભાઇબેનો પણ આવેલાં. તેઓ હવે માણસની જેમ બે પગ પર ઊભા થઇને, ચાલીને જઇ શકે તે કેવા આનંદની વાત? એમની સંખ્યા પણ ૧૬ જેટલી હતી. વીસનગરથી એક અપંગ કાકા અંબાજીના દર્શને આવેલ. રીક્ષાવાળો તેઓ કેમ્પ માટે આવ્યા છે તેમ સમજી અહીં લઇ આવ્યો. સહજ રીતે તેમની અપંગતા દૂર થઇ ગઇ!

એક રીક્ષાવાળા વિકલાંગભાઇએ તો પોતે રીક્ષા ચલાવતા હોવાથી આપણી સેવાથી પ્રેરણા પામીને કેમ્પમાં આવેલા ઘણા બધા ભાઇ બ્હેનોને બસ સ્ટેશન સુધી મફત પહોંચાડવાની સેવા કરી.

એક પરિવારનાં પાંચ બાળકો વિકલાંગ હતાં. નોરમલ જન્મે, પણ પાંચ છ વર્ષના થાય ત્યારે અચાનક વિકલાંગ થઇ જાય. તેમાં ૩ દીકરીઓ અને બે દીકરા. ત્રણ જણની આપણે સારવાર કરી શક્યા બે જણની વિકલાંગતાને ખૂબ લાંબો સમય થઇ ગયો હોવાથી તે નિવારી શક્ય તેમ નહોતી.

ઊંઝાના બસ સ્ટેન્ડ પર S.T.D બૂથ ચલાવતા એક પ્રજ્ઞા ચક્ષુ ભાઇ અને તેમના પત્નીએ આ કેમ્પની જાણ દર્દીઓને કરી એટલું જ નહિ પણ પોતાના ખર્ચે તે સહુની સાથે આવી સતત હાજર રહી તેમની સાથે પોતે તેઓને ઘરે પહોંચડવાની સેવા



આપી. ભાઇ પ્રજ્ઞા ચક્ષુ હતા બ્હેન સ્વસ્થ હતાં. પ્રેમ લગ્ન હતું પણ એક વિકલાંગ સાથે લગ્ન એ પણ સેવા છે એવી સરસ એમની સમજ હતી. તેઓ દસથી બારભાઇ બ્હેનોને લઇને આવ્યાં હતાં.

આ યજ્ઞમાં પોરબંદર, જાફરાબાદ, ભાવનગર, નવસારી ઝાલોદ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ જીલ્લાઓમાંથી દર્દીઓ આવ્યા. જેણે અગાઉના યજ્ઞોમાં લાભ લીધો હતો. તેમના નામ સરનામાં કે ફોન પરથી તેમને જાણ કરી હતી, જેથી જૂનાં સાધનો બદલાવીને નવાં લઇ જાય, તેમાંથી ૬૦ ટકા લેવા આવ્યા. ગુજરાતમાં પ્રથમવાર જ કૃત્રિમ હાથનો પ્રયોગ થયો અને હાથની ક્ષતિ દૂર કરવામાં સફળ થયા.

શ્રી મહાવીર વિકલાંગ સેવા સંસ્થાના, પદાધિકારીઓ અને સેવકોએ જે ઉત્સાહ ને ઉમંગથી સેવા આપી તે સાચે જ સરાહનીય હતી.

અહીં આવેલ વિકલાંગોને આપણે માત્ર કેલીપર્સ, બગલઘોડી કે જયપુર ફૂટ આપીને વિદાય કરતા નથી. તેમને ચલાવીને, સંકીર્તનથી વધાવીને, ભેટ સોગાદોથી નવાજીને આતિથ્યથી વધાવીને ચાલતા હસતા વિદાય કરીએ છીએ તેથી તો મહાવીર વિકલાંગ સંસ્થાના જે પ્રતિનિધિઓ અત્રે આવેલ તેઓએ કહ્યું કે અમે અત્યાર સુધીમાં ઘણા કેમ્પ કર્યા છે પરંતુ વિકલાંગોની આવી પ્રેમભરી માવજત ને માનનીય અભિગમ અમને બીજે ક્યાંય જોવા મળ્યાં નથી.

આ યજ્ઞની પૂર્ણાહુતિ તા.૧૦–૦૩–૨૦૧૪ના રોજ થઇ તેમાં કુલ ૩૨૦ ભાઇબેનો લાભાર્થી બન્યાં. ધારણા કરતાં ૮૦

જેટલા ભાઈબેનો વધુ આવ્યાં. એના પરિણામ તેમજ મોંઘવારીને લીધે ખર્ચ લગભગ ડબલ જેવો થઇ ગયો.

આ કેમ્પના આર્થિક સહાયક હતા અમેરિકા નિવાસી શ્રી ચંદ્રકાન્તભાઇ શાહ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી અનુસૂયાબેન. પૂ.માએ તેમ જણાવ્યું. તેઓ પરદેશમાં કોઇ મોટેલ કે ધંધો ચલાવતા નથી. બંનેએ જોબ કરી જે સંપત્તિ મેળવી છે, તેમાંથી આ દાન કર્યું છે. જે ઘણી મોટી વાત ગણાય.

વળી તેઓની વિશેષ ઉદારતા એ રહી કે કેમ્પમાં મદદ કરવા આવેલ યોગેશ્વર પરિવારના સાધક ભાઈબેનોના આ સમયગાળાનો રહેવા ખાવાનો ખર્ચ પણ તેઓએ ઉઠાવ્યો.

શ્રી ચંદ્રકાન્તભાઈનો આવા યજ્ઞ માટેની પ્રેરણા પાછળ એમના જીવનમાં સને ૨૦૧૩માં બનેલી એક ઘટના છે. તેઓ ગયા વર્ષે વિદેશમાં એક પ્રવાસમાં ગયેલા. ત્યાં પાણીમાં કંઇ સાહસ કરવા જતાં તેમના એક પગે ભારે ઈજા થઈ. તેમાં પ્લાસ્ટર આવ્યું. તેના પરિણામે તે વર્ષમાં બદ્રીકેદારની યાત્રાનું એમનું આયોજન અપૂર્ણ રહ્યું, જે ઘણું સારું થયું કારણ કે જો તે યાત્રામાં તેઓ જોડાયા હોત તો સંભવ છે કે બદ્રીકેદારની રેલ હોનારતનો તેઓ ભોગ બન્યાં હોત. આમ મા—પ્રભુએ પગની ઈજાને નિમિત્ત બનાવી તેઓને ભારે હોનારતનો ભોગ બનતા બચાવી લીધા.

વળી પગે પ્લાસ્ટર આવ્યું તો એક અંગ ઈજાગ્રસ્ત કે અપંગ હોય, તો જીવન જીવવામાં કેવી મુશ્કેલી વેઠવી પડે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ પણ પ્રભુએ તેમને કરાવ્યો. તેથી તેમને વિકલાંગોને મદદરૂપ થવાની ભાવના થઈ.



આ યજ્ઞમાં અબાલ વૃદ્ધ સહુ સાધકોએ સ્વેચ્છાથી આવી ખૂબ નિષ્ઠાપૂર્વક સેવા કરી હતી. સ્વર્ગારોહણના યજ્ઞો સહુને પોતાના અંગત જ લાગતા હોવાથી સહુએ સેવા શોધી આ યજ્ઞને દીપાવ્યો. યુવાન સાધકોએ દર્દીને લાવવા લઇ જવા ટ્રીટમેન્ટ દરમ્યાન સાંત્વના આપવાનું કાર્ય કર્યું હતું.

સ્વર્ગારોહણમાં જાણે એક વિશેષ માહોલ તૈયાર થઇ ગયો હતો. આ યજ્ઞ પછી સહુ એક વિશેષ પ્રાર્થના કરતા હતા :—

આ અંગ અમારાં પરિપૂર્ણ સ્વસ્થ હો,
હો ઇંદ્રિયો સહુ બલવાન મારી,
ના છોડું કોદિ પ્રભુને હું સાચે
ને ના મનેય પ્રભુ કોદિ છોડે.

શ્રી શ્રી મા શ્રી હરિની શબ્દયાત્રામાં કહે છે. તેમ ''સ્વર્ગારોહણની માત્ર ધરા નહીં એનું આકાશ પણ હાશ પામ્યું છે. હાશ અમર છે.''

બસ, એ હાશ આ સંસ્થાને અમરતા આપે અવનવા સેવા યજ્ઞોથી દીપાવતી રહે તે પ્રાર્થના સાથે પ્રભુને અંતરના અંતર તમથી સ્વસ્થ જીવનની પ્રાર્થના કરીએ.

ચંદ્રકાંતભાઇ અનસૂયાબ્હેન, રાણાદંપતિ અશ્વિનકાકા જ્યોત્સ્નાબ્હેન સહુએ પ્રસંગોચિત વાતો કરી હતી. સહુ એક આત્મસંતોષની લાગણી અનુભવી આ યજ્ઞની સફળતાને વધાવી રહ્યાં હતાં.

# રસેશ્વરી

—શ્રી યોગેશ્વરજી

## સ્યમંતક મણિ

કૃષ્ણના જીવનમાં એ દિવસો દરમિયાન એક બીજો ઐતિહાસિક અવિસ્મરણીય બનાવ બની ગયો.

યાદવોના પ્રાણ, પરમ હિતૈષી કૃષ્ણ પર સૌને પ્રેમ હોવા છતાં કોઇ કોઇ પુરુષો એવા પણ હતા જે એમના યશથી બળતા ને એમની ઉપર દ્વેષ રાખતા.

સત્રાજિત એમનામાંનો એક હતો.

એ સૂર્યનારાયણનો મહાન ભક્ત હતો.

એમની ભક્તિના ફળરૂપે એને સ્યમંતક મણિની પ્રાપ્તિ થયેલી.

સત્રાજિત એ અદ્ભુત મણિને ગળામાં ધારણ કરતો ત્યારે એ સૂર્યની પેઠે ચમકવા લાગતો.

એકવાર દ્વારકાની પ્રજાના પ્રતિનિધિઓએ કૃષ્ણને કહ્યું :

‘તમારું ઐશ્વર્ય ખરેખર અસાધારણ છે. એની કલ્પના નથી થઇ શકે તેમ. અને એની બરાબરી કરવાનું પણ અશક્ય છે. પરંતુ સત્રાજિતની સમુદ્ધિ કદાચ તમારા કરતાં વધી જશે.’

‘કારણ?’

‘કારણ એ જ કે એની પાસે એક અલૌકિક મણિ છે. સ્યમંતક મણિ. એનો પ્રભાવ ઘણો ભારે છે. એ મણિને લીધે એ ખૂબ જ ચમકે છે. હમણાં હમણાં એ અલૌકિક મણિને એ દેવમંદિરમાં સ્થાપિત કરવા માગે છે. એ મણિ પ્રતિદિન આઠ ભાર સોનું પ્રદાન કરે છે. એની અંદર એવી શક્તિ છે કે જ્યાં



એને પૂજા સહિત રાખવામાં આવે છે ત્યાં કદીપણ દુકાળ નથી પડતો : મહામારી કે ગ્રહપીડાની અસર નથી રહેતી : સર્પભય નથી લાગતો : અને તનમનના ઉપદ્રવ કે અશુભમાંથી સહેલાઇથી મુક્તિ મળે છે.’

કૃષ્ણે કહ્યું :

‘મેં પણ એના વિશે સાંભળ્યું તો છે જ.’

‘તો પછી તમને એવું નથી લાગતું કે એવો મણિ તમારી પાસે કે મથુરાના રાજા ઉગ્રસેન પાસે હોવા જોઇએ? તમારામાંથી કોઇની પાસે એ મણિ હોય તો પ્રજાનું પરમહિત થાય.’

‘એ તો સાચું છે, પરંતુ સત્રાજિત ભારે ઘમંડી છે. એણે તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત કરેલા મણિનો એ પરિત્યાગ નહીં કરી શકે.’

‘તમે એને સમજાવી જુઓ તો કદાચ લોકહિતના વિચાર આગળ પોતાના સ્વાર્થને ગૌણ ગણીને એ એનો ત્યાગ કરવા તૈયાર થાય ખરો.’

‘આશા તો ઓછી છે છતાં પણ પ્રજાનું હિત થતું હશે તો એને સમજાવી જોઇશ.’

પ્રજાના પ્રતિનિધિઓને શાંતિ થઇ.

કૃષ્ણે એ પછી સત્રાજિતને સારીપેઠે સમજાવી જોયો પરંતુ એમના સમજાવ્યા પ્રમાણે પોતાનો અમૂલખ મણિ મહારાજા ઉગ્રસેનને પ્રદાન કરવાની એણે સ્પષ્ટ શબ્દોમાં ના કહી.

એની અર્થલોલુપતા ઘણી પ્રબળ હતી. એનો ત્યાગ એ નહોતો કરી શકે તેમ.

ઘેર પહોંચીને એણે પોતાના ભાઇ પ્રસેનને બધી વાત કહી સંભળાવી.

પ્રસેન સત્રાજિતના વિચારો સાથે સંમત થયો ને બોલ્યો :

'કૃષ્ણ કે ઉગ્રસેન બંનેમાંથી કોઇને પણ એ મણિ ના આપી શકાય. એનો ઉપયોગ તો આપણે જ કરીશું. કૃષ્ણ ભારે કપટી તથા સ્વાર્થી છે. મણિને દેખીને એનું મન લલચાયું હોવાથી એને મેળવવા માટે એ બનતું બધું જ કરી છૂટશે. એટલા માટે એની સુરક્ષાના વિચારથી પ્રેરાઇને હું એને મારી પાસે રાખીશ. જોઉં છું કે એને કેવી રીતે લઇ લે છે!'

પ્રસેને સત્રાજિતની પાસેથી સ્યમન્તક મણિને લઇ લીધો ને પોતે જ પહેરી લીધો.

એણે સત્રાજિતને જણાવ્યું :

'એ કપટી કૃષ્ણની તાકાત નથી કે મારી પાસેથી મણિને લઇ લે. એવા કોઇક દુસ્સાહસના વિચારથી એ આવશે તો મારા બાહુબળનો પરચો એને બતાવી દઇશ. એને રમતાં રમતાં યમલોકમાં પહોંચાડી દઇશ.'

પ્રસેને પ્રસન્નતાપૂર્વક મણિને ધારણ તો કર્યો પરંતુ એ ક્રિયા એને માટે અતિશય અમંગલ થઇ પડી.

એ સુંદર અશ્વ પર સવાર થઇને વનમાં શિકાર કરવા ગયો પરંતુ પાછો ના ફરી શક્યો.

એક સિંહે એને અશ્વ સાથે મારી નાખ્યો ને મણિને હસ્તગ્રત કર્યો.

પરંતુ એનો કાળ નજદીક હોવાથી, મણિને લઇને એ પર્વતની ગુફામાં પ્રવેશ કરતો'તો તે જ વખતે ઋક્ષરાજ જામ્બવાને એનો નાશ કર્યો.

લાંબો વખત વીતી ગયા છતાં પ્રસેન દ્વારકામાં પાછો ના આવ્યો એટલે સત્રાજિતને શંકા થઇ કે પ્રસેનને મણિની



લાલસાવાળા કૃષ્ણે જ મારી નાખ્યો છે. એના આકસ્મિક મૃત્યુનું રહસ્ય બીજું કશું જ ના હોઇ શકે.

એણે એ વાતને વાસ્તવિક માનીને એનો જયાં ત્યાં પ્રચાર કરવા માંડ્યો.

લોકોએ કૃષ્ણને કહ્યું :

'પ્રસેનના મૃત્યુનો સમગ્ર દોષ સત્રાજિત તમારે માથે ચઢાવી રહ્યો છે.'

'તેથી શું? એ દોષ મને થોડો જ લાગી જવાનો છે? હું એ વિશે કશું જ નથી જાણતો.'

'એનું કલંક તમને જ લગાડવામાં આવે છે.'

'સત્રાજિતને મારા પ્રત્યે દ્વેષ હોવાથી એ વાત એણે મને વગોવવા માટે જ ઉપજાવી કાઢી છે. પ્રસેનની પ્રવૃત્તિ વિશે હું ખરેખર કશું નથી જાણતો. મારી ઉપર જે કલંક લગાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે એને એક દિવસ ધોઇ કાઢીશ.'

'પરંતુ સત્રાજિત તો તમને વગોવવામાં જરા પણ બાકી નથી રાખતો. એ તમારી પાછળ આદુ ખાઇને પડ્યો છે.'

'હરકત નહીં. એ ગમે તેવો જૂઠો પ્રચાર કરશે તોપણ આખરે તો સત્યનો જ જય થશે, અસત્યનો નહીં થાય. અસત્ય અસત્ય જ હોય છે ને ચિરસ્થાયી નથી થઇ શકતું.'

રુકિમણીની રજા લઇને કૃષ્ણ નગરના પ્રતિષ્ઠિત પુરુષોને લઇને પ્રસેનની શોધમાં નીકળ્યા.

જંગલમાં તપાસ કરતાં ખબર પડી કે પ્રસેનનો નાશ કરવામાં એક ભયંકર સિંહ નિમિત્ત બન્યો છે : એનો અશ્વ પણ એનાથી જ માર્યો ગયો છે.

(ક્રમશઃ)